Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरु...

श्री ...

# आत्मानन्द प्र...

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवसतु परमैक्येन सर्वेषु सत्सु
आत्मानन्द प्रकाशाद् भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४. माघ. आत्म सं. २५ | अंक ७ मो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ પ્રભુ સ્તુતિ. | ૧૭૫ | ૬ શરીર આરોગ્યભૂત મુખ્ય પાંચ હેતુ. | ૧૯૪ |
| ૨ રજની ભાવના.... | ૧૭૬ | ૭ દશ શ્રાવક કુલક... | ૧૯૫ |
| ૩ જગતને માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના... | ૧૭૭ | ૮ પ્રકીર્ણ નોંધ. | ૧૯૬ |
| ૪ મનઃ સંયમ. | ૧૮૭ | ૯ ગ્રંથાવલોકન | ૧૯૭ |
| ૫ આપણી આંતર સ્થિતિ સમજીને સુધારવાની જરૂર... | ૧૯૪ | | |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુંબઇના અમારા માનવંતા ગ્રાહકોને સુચના.

કેટલાક સુજ્ઞ ગ્રાહકોએ અમોએ ગયા માસના અંકમાં આપેલ સુચના પ્રમાણે ગયા વર્ષનું આત્માનંદ પ્રકાશ માસિકનું તેમની પાસેનું લેણું લવાજમ પોસ્ટની ટીકીટ અને મની-ઓરડરથી મોકલી આપેલ છે, જેથી તેઓનો ઉપકાર માનીયે છીયે. હવે બાકી રહેલા મુંબઇના ગ્રાહક મહાશયોને પત્ર લખ્યાં છતાં કાંઇપણ જવાબ નથી તેમજ તેઓએ લવાજમ મોકલેલ નથી, જેથી હાલમાં પોસ્ટમેનની હડતાળ બંધ થયેલ હોવાથી લેણા લવાજમ માટે ભેટની બુક વેલ્યુપેબલથી મોકલેલ છે જેથી તેઓએ મહેરબાની કરી સ્વીકારી લેવું. પાછું વાળી નાહક જ્ઞાનખાતાને નુકસાન ન કરવું એવી નમ્ર સુચના છે.

## મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ.

ઘણા મુનિમહારાજાઓ તરફથી આ સભા તરફથી બહાર પડવાનું શ્રી ઉપાસકદશાંગસૂત્ર ભેટ મળવા માટે અમારા ઉપર પત્રો આવેલ છે. આ ગ્રંથ અમદાવાદના છાપખાનામાં પ્રસિદ્ધ થયેલ હોવાથી હજીસુધી એક પણ કોપી અત્રે આવેલ નથી જેથી ત્યાંથી અત્રે આવ્યા બાદ તેઓશ્રીને ભેટ મોકલવામાં આવશે.

## આત્માનંદ પ્રકાશના ચાલતા ( અઢારમા ) વર્ષની અપૂર્વ ભેટ

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞગ્રાહકોને આ અઢારમા વર્ષની ભેટની બુક શુમારે વીશ ફારમનો મોટો ગ્રંથ આપવાનું મુકરર થયું છે, આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત આટલા ફારમની મોટી ભેટની બુક ( માસિકનું લવાજમ કાંઇપણ નહિ વધાર્યાં છતાં ) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહીં. તેનું કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે–ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુને લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક જલદીથી આપવાની છે જેથી તેનું છપાવવાનું કાર્ય શરૂ થઇ ચુકયું છે, જેથી જે બંધુઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકશાન ન થાય; પરંતુ બાર માસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુક લવાજમ વસુલ કરવા વી. પી થી મોકલવામાં આવે, ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિના કારણ જ્ઞાન ખાતાને નુકશાન કરવું અને તેના દેવાદાર રહેવું તે યોગ્ય નથી. માટે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४७ माघ आत्म संवत् २५. [ अंक ७ मो.

## श्री प्रभुस्तुति.

ઉપજાતિ.

જીનેંદ્ર દેવા જય ધારનારા,
દેવા મનુષ્યો કરતાં સુસેવા;
કૃપા કરીને કરૂણાવતાર,
અશ્રિતને દ્યો તમ ચર્ણશર્ણ.
સૌ ભવ્ય કેરૂં શિવ સાધનાર,
પરોપકારે વિચરી સદાયે;
કર્મો તણું કષ્ટ પ્રભુ હરે જે,
તે જીન પામો જયકાર વિશ્વે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રજની ભાવના.

### રાગ ગઝલ—કવ્વાલી.

૧

અરિહંત સિદ્ધ સાધુ, જગમાં પુનીત જે છે;
જિનદેવ ભાખ્યો ધર્મ, શરણો ગ્રહું હું ચારે. ૧
ગતિ ચાર દુઃખ દૂરે, કરવા ધરાવે શક્તિ;
પ્રાચીન મુનિ ગ્રહ્યાં જે, ચરણો ગ્રહું હું ચારે ૨
સંસાર સમુદ્રમાંથી, નિસ્તારી પાર આપે;
આનંદ કંદ સમએ, શરણો ગ્રહું હું ચારે. ૩
એ ચાર અમૂલ્ય રત્નો, મંગલિક લોકે ઉત્તમ;
કલ્યાણકારી જનના, શરણો ગ્રહું હું ચારે. ૪

૨

ચોરાશી લક્ષયોનિ, ગત સર્વ જીવ કેરા;
અપરાધ કંઇ કર્યા જે, મિથ્યા મે દુષ્કૃતં હો. ૧
લખ સાત પૃથ્વી પાણી, વળી તેઉવાઉ જીવો;
દશ લક્ષ વનસ્પતિના, મિથ્યા મે દુષ્કૃતં હો. ૨
લખ ચઉતિરિ સુરનારક, તેમ ચૌદ નીગોદ પ્રાણી;
વિકલેંદ્રિ લક્ષ ષટના, મિથ્યા મે દુષ્કૃતં હો. ૩
લખ ચૌદ મનુષ્ય સાથે, છે મૈત્રી નથી વિરોધ;
બની દીન ખમું ખમાવું, મિથ્યા મે દુષ્કૃતં હો. ૪

૩

અરિહંત સિદ્ધ સાક્ષી, એ પાપ ગહું મારાં;
આ લોચી આત્મસાક્ષી, નિંદું હું પાપ મારાં. ૧
પ્રાણાતિપાત આદિ, સંસાર વધારનારા;
ક્રોધાદિ કષાય કેરાં, નિંદું હું પાપ મારાં. ૨
નિંદા કરી જે પરની, કૂડાં કલંક દીધાં;
સ્મરી તે ઘણુંજ તાપું, નિંદું હું પાપ મારાં. ૩
કરી કલેશ ચાડી દ્વેષે, પરિતાપ પામી આપ્યો;
આદિ દુષ્ટ સ્થાન સેવ્યાં, નિંદું હું પાપ મારાં. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪

આધિ ઉપાધિ વ્યાધિ, ત્રિતાપ સમૂળ છેદી;
બનું શુદ્ધ સમર્થ યોગી, દિન ધન્ય થાશે ક્યારે ? ૧
રસ સ્વાદ હીન ભિક્ષા, ગ્રહી ધ્યાન ધારૂં વનમાં;
વિચરૂં હું ઉચ્ચ પંથે, દિન ધન્ય થાશે ક્યારે ? ૨
માનું ન કોઇ શત્રુ, સહુ મૈત્રીભાવે દેખું;
સંવેગ તરંગ ઝીલું, દિન ધન્ય થાશે ક્યારે ? ૩
સંભાળી સાધ્ય દૃષ્ટિ, પરહિત નિત્ય સાધું;
નર જન્મ પામ્યો દુર્લભ, ફળવાન્ થશેજ ત્યારે. ૪

**માસ્તર દુર્લભદાસ કાલીદાસ.**

# જગતને માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

( ગતાંક પૃષ્ટ ૧૬૨ થી શરૂ )

તમારા જેવા ઘણાએક નવ યુવકો પોતાની વાસનાઓ કમી કરી સર્વથા દેશ હિત; સમાજ હિત, કે આત્મહિતમાં જોડાવાની પ્રતિજ્ઞા લઈ આ સંસ્થામાં દાખલ થયા છે. (અર્થાત્ દાખલ થએલ દિક્ષિત છે ) તે વર્ગ ખરેખર સારરૂપ છે. અને તે સારરૂપ વર્ગને પોતાની મહાન ફરજો સમજાઈ છે. જેમને નથી સમજાઇ તેમને સમજાવવામાં આવે છે, એટલે યથાકિંચિત્ રીતે આ વર્ગમાં દાખલ થઇ ગયેલાઓને પોતાનું તે કૃત્ય રસમય અને લાભદાયી લાગ્યું છે, તેઓ ટુંક સમજથી ટુંકાજ કર્તવ્ય ક્ષેત્રમાં જીવિત પસાર કરતા હતા, પરંતુ તેનું ભવિષ્ય આ સંસ્થાએ બદલી નાંખ્યું છે, તેઓનો પણ સદુપયોગ કરવાની સંધી પ્રાપ્ત થઇ છે. મોટા મોટા મુનિ મહારાજાઓની આ સંસ્થામાં સહાનુભૂતિ છે. તેઓએ પોતાના શિષ્યોને અભ્યાસ કરવા મોકલ્યા છે. જૈન કોમની કેળવાઇને તૈયાર થએલી સામાન્ય કે વિશિષ્ટ વ્યક્તિઓ આ સંસ્થાના સ્ટાફમાં જોડાએલ છે. તેઓને કામ કરવાથી સંતોષ પ્રાપ્ત થાય છે, અને ઉત્સાહ ભરી લાગણીથી ખરેખર કામ કરી રહ્યા છે. ઉદાર જૈન ગૃહસ્થોએ પોતાના ધનનો વ્યય આ તરફ વહેવરાવ્યો છે. દેશ હિતૈષીઓ પણ આ વૃત્તિમાં છુપી રીતે દેશ હિતનો પ્રવાહ ચાલે છે તેમ માની રહ્યા છે. સંઘાડા અને ગચ્છોના નાયક મુનિઓ કે અગ્રેસર ગૃહસ્થોને પણ નિર્ભય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે આ સંસ્થા તરફ પોતાના કર્તવ્યો બજાવવાનો ઉત્સાહ થયો છે, કેમકે આ સંસ્થામાં સમાન ભાવનું તત્વ પલ્લવિત કરવાનું હોવાથી દરેક અપરાભવનીય થઈ રહી શકે છે. આપણી સંસ્થાઓ માટે અને ખાસ કરીને આ સંસ્થા માટે અભ્યાસ ક્રમ ગોઠવવાની હિલચાલ વિદ્વાન મંડળ તરફથી ચાલી રહી છે. આવી દરેક રીતે વ્યવસ્થિત અને અનેક સાધ્યો સિદ્ધ કરતી સંસ્થા તરફ અવશ્ય તમને પૂજ્યભાવ થએલો હોવેજ જોઈએ. જો તમારી આ સંસ્થા તરફ લાગણી થઇ હોય તો તમો વોલંટીયર સ્વયંસેવક તરીકે કે કોઇપણ અધિકારમાં તમારૂં નામ નોંધાવશો, તો તેમાં અમુક અમુક રકમ વાર્ષિક લવાજમ તરીકે આપવાની છે, અને જો સ્વયંસેવક તરીકે જોડાવા ઇચ્છા હોય તો આ સંસ્થાની જાહેર ખબરોથી તમારી આજુબાજુના જૈનોને વાકેફ કરો, તેઓને તેના લાભો અને ઉદ્દેશો સમજાવો. આ સંસ્થાના જેઓ મેમ્બરો થયા છે તેમની પાસેથી ( કે જે તેમને લગતા હોય ) માસિક લવાજમ ઉધરાવી, તમારા ગામના સ્વયં સેવકોને અમે નીમી આપેલા ઉપરીને કે જેને ઠરાવેલ હોય તેમને ત્યાં એકઠા કરી સંસ્થા તરફ રવાના કરો. સંસ્થાનો રીપોર્ટ ધ્યાનથી વાંચો, સૂચવવા જેવું જણાય તે સૂચવો, સંસ્થા માટેના તમારે ત્યાંના સંઘના ( જૈનોના ) શાશા અભિપ્રાયો બંધાતા જાય છે. એ સારા અભિપ્રાયની વૃદ્ધિમાં વિઘ્ન નડે તેમ જણાય છે ? વિગેરે બાબતોથી સંસ્થાના અધિકારીને વાકેફ કરો. આ સંસ્થા માટે જૈન કોમ અને જૈનેતર કોમ પણ વાસ્તવિક રીતે ઉંચો અભિપ્રાય ધરાવતી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે અને આ વ્યવસ્થાને અંગે આ સંસ્થા પ્રતિ વર્ષે નવા નવા મેમ્બરોને નવા નવા સ્વયં સેવકો મેળવતીજ રહે છે. તમને અવકાશ મળે ત્યારે સંસ્થાના લાભથી પ્રજા વાકેફ થાય તેવું ભાષણ આપો. અને તેની અસર કેટલી થઈ છે તે સૂક્ષ્મ બુધ્ધિથી તપાસો. ભલે લોકો પૈસા તત્કાળ ન આપે પણ તેઓનું વલણ આ તરફ થવું જોઈએ. પછી એની મેળે પૈસા મોકલવા લાગશે. તમારા પરિચયમાં જે મુનિ મહારાજ આવે અને તે અભ્યાસ કરી શકે તેવા હોય તેમને આ તરફ મોકલો, તે આવે તેવું તેને મન કરાવી દ્યો, તે સિવાય તમારી શુભ લાગણીથી કે સંસ્થાની પ્રેરણાથી જે જે કરવાનું હોય તે કરો. પણ તમે ગભરાશો નહિ કે અમે તમારા ઉપર બોજો લાવવા માંગીએ છીએ. તમે તમારા કામમાં ખલેલ પહોંચાડયા વિનાજ ઉપરનાં કામો પૂર્ણ રીતે અને સરળતા સાથે કરી શકશો. તેમજ કંટાળો ન થાય તથા ઉત્તરોત્તર તે કામને વધારે વધારે હાથ ધરતા રહો. પહેલા વર્ષ કરતાં પાંચમા વર્ષે તમે દશગણું કામ કરી શકો તેવી સગવડો અને પૂર્ણ તૈયારીઓ અમારા તરફથીજ પુરી પાડવામાં આવશે. તેના રસ્તાઓ અવનવા બતાવવામાં આવશે, લોક રૂચિ ઉપર ખ્યાલ રાખીને ખરી હકીકતો અને જાહેરાતો આકર્ષક બનાવવા પ્રયત્ન કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૪—નવિન કેળવણી પામેલા કે તેઓના મત વિચારોને અનુસરનારાઓ કે જેઓ સુધારક કહેવાય છે. તેઓ જો મહાવીર તરફ પ્રેમ ધરાવતા હોય તો તેઓને નીચે પ્રમાણે જણાવવા રજા લઇએ છીએ.**

૧ વિશાળ હૃદયના મનુષ્યોની ખાસ જરૂર છે, અને એ વિશાળ હૃદયથી મનુષ્યો પોતાના સમાન હકકો છુટથી ભોગવે તેમાં આવતા અંતરાયો વિશાળ હૃદયથી ( હદ ઉપરાંતના સ્વાર્થનો ભોગ આપી ) અટકાવવા. આ મત સમજુ લોકોમાં ફેલાવા લાગ્યો છે. તે સમાન ભાવનો સિદ્ધાંત તે હાલના સુધારાનું છેવટ જણાયછે. જોકે સમાન ભાવનો સિદ્ધાંત મહાવીર પ્રભુએ જગતને વારસામાં આપ્યો છે, પણ તેનો ઉપયોગ થતો નથી. આ (ચાલુ) સુધારાના અંતે થનાર સમાન ભાવ થયા પછી તેમાં આગળ વધવાનો રસ્તો મહાવીરે છેક સુધી બતાવ્યો છે. અને હાલના સુધારાનું મૂળ તેના કેટલાક સત્ય સિદ્ધાંતો તેમના આગમમાંથી મળી આવે છે. એટલે સમાન ભાવનો જ્યાં વિજય ત્યાં મહાવીરની સંપુર્ણ પૂજા, **समभावभावियप्पा, णो लोगस्स एसण चरे** આ વિગેરે સિદ્ધાંતો ટુંકામાં પણ ઘણીજ ઉંચી જાતની સૂચનાઓ કરે છે. આવો સુધારો જગતને ઇષ્ટજ છે, તેનેજ અંગે સુધરેલા માણસની અને એક અસંસ્કૃતની યોગ્યતામાં ફેર છે. તેના હૃદયના સંસ્કારોમાંજ મોટો તફાવત છે. સુધારા પર ચાલતા અને વિશાળ હૃદયની પહેલાના, પોતાની સ્થિતિમાંના આનંદ કરતા સંસ્કારિતસ્થિતિના આનંદની વિદ્વાનો વધારે કિંમત આંકે છે. જો તેમ ન હોય તો પશુ અને મનુષ્યમાં પણ ફેર રહેતો નથી. માટે મહાવીરની આદર્શ તરીકે જરૂર છે. તેમજ તેમના સિદ્ધાંતની પણ જગતને જરૂર છે. તેમજ તેનું પદાર્થ વિજ્ઞાન હજુ કસી જોવા જેવું છે. તેથી તેમનું શાસન કાયમ રાખવા પગલાં લેવાની જરૂર છે. અને તે ઉદ્દેશ આ સંસ્થાદ્વારાજ મોટે ભાગે સિદ્ધ થઇ શકે તેમ છે. આ ઉદ્દેશ ત્યાગીઓદ્વારા પણ સિદ્ધ થઈ શકે અને કદાચ ગૃહસ્થોદ્વારા સિદ્ધ થઇ શકે. પણ ત્યાગીઓ ઉપર ભાર દેવાની એક બીજી પણ જરૂર છે, અને તેથી બીજા પણ લાભો થાય છે.

આપણા દેશમાં હાલની કેળવણીથી મનની કેળવણી મળી છે પણ હૃદયની કેળવણી નથી મળી. તે દરેક સમજુ સુધારકે સ્વીકાર્યું છે. જો કે તદ્દન હૃદયની કેળવણીનો અભાવ છે એમ નથીજ પણ બીજી કેળવણીના પ્રમાણમાં ઘણીજ ઓછી છે, અને મનની કેળવણી સાથે હૃદયની ઉંચા પ્રકારની કેળવણીથી સારી રીતે કેળવાએલ બહુજ થોડી વ્યક્તિઓ આખા દેશમાં આપણે જાણીએ છીએ. જેઓમાં કદાચ હૃદયની કેળવણી સ્વાભાવિક રીતે ખીલી હશે તેઓમાં ચાલુ કેળવણી નહિ હોવાથી લોકોપયોગી થઇ શકતા નથી. આ વિષમતા સમજુ માણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોના ધ્યાનમાં આવી ગઇ છે. એ ( હૃદયની ) કેળવણી આપવામાં તેના પુસ્તકો કરતાં આદર્શો વધારે સારૂં કામ કરે છે, તેને માટે બીજી ગોઠવણોનો આત્મા આદર્શજ છે, એમ માન્યા વિના છુટકોજ નથી. આદર્શ બનનારે પોતાનું જીવન કેવું રાખવું એ સંબંધમાં ગાંધીજીએ આપણા દેશને કેટલુંક સમજાવ્યું છે. તે સ્થિતિનું બળ કેટલું છે ? તે પણ સમજુ હૃદયોમાં રમી રહ્યું છે. માત્ર જેઓ તેમાં કેવળ દોષજ જોઇ રહ્યા છે તે માત્ર હૃદયની કેળવણીના રસના બિંદુના અભાવે. માત્ર જો વ્યવસ્થિત રીતે અને ઉપયોગીતા તરફ ખ્યાલ રાખીને વ્યવહારૂ બનાવાય તો અવશ્ય જગત ઝુકવાનું, કેમકે તેમાં આનંદ પ્રાપ્તિ છે, અને નવીન જમાનાની સંસ્કૃતિમાં અનવસ્થા છે. બેમાં કોનો સ્વીકાર કરવો એ અત્યારે તો મોટા મોટા મગજદારોને પણ સંશયમાં પાડે છે. પણ મારૂં હૃદય આધ્યાત્મિક બળથી જીતનાર ( જૈન ) જગતમાં છેવટનું સુખ પામશે અને તે સુધરેલ તેમજ સુધારક કહેવાશે,

તો આ સંસ્થા મહાવીરનો સંદેશો જગતને પહોંચાડશે. અને બીજું ભિન્ન ભિન્ન અધિકારી જીવો યોગ્યતા પ્રમાણે દરેક આદર્શો થઇ રહેશે, શું આદર્શોની હિંદને જરૂર નથી ? આવી સંસ્થા દ્વારા ગ્રેજ્યુએટ કરતાં પણ સારી સ્વતંત્ર રીતે કેળવણી મળે અને આવું નિર્દોષ જીવન હોય તો પછી સોનું અને સુગંધ. આ બન્ને બાબતોનો ત્યાગ હિંદ કદી કરી શકશે નહિ. જેઓ કેળવાયલા છતાં, દેશ કે સમાજના કામમાં આવતાં નથી અને જેઓની મનોવૃત્તિ પણ તેવી નથી તેઓ કરતાં આ વર્ગ ઘણે દરજ્જે ચડીઆતો ગણવો જોઇએ.

આવી સંસ્થા દ્વારા સ્વતંત્ર અધ્યાપકો અને સ્વતંત્ર શિક્ષણ ક્રમ વચ્ચે કોઇ આવી શકે એ સંભવ ઓછો છે.

ત્યાગી વર્ગ નિંદાપાત્ર થયો છે, તે માત્ર તેને કેળવણી લેવાનું સાધનજ નથી. હિંદનું જીવન અખંડ રીતે સહસ્રો બલ્કે લાખો વર્ષોથી ત્યાગીઓથી ઘડાયું છે. અને તેણેજ પ્રસંગે સંકટ સમયે પણ હિંદના હિતના મંત્રો હિંદ પુત્રના કાનમાં ફુંક્યા છે અને અનેક રીતે બચાવ કર્યો છે. આ ભૂતકાળની સ્થિતિની વાત કરવાનો આ અવસર નથી કેમકે તેવા સંજોગો હાલ નથી. છતાં હાલના સંજોગોમાં આ તૈયાર થએલો વર્ગ કોઇ રીતે ટકવો જોઇએ.

બીજી દષ્ટિએ વિચાર કરો. પં. માલવીયાજી કહે છે કે "તમારી સંખ્યા નાની છે, તમો બરોબર ધ્યાન આપીને એવા કેળવણીના સાધનો યોજો કે તમારી સમાજમાં એક પણ કેળવણીથી બેનસીબ ન રહે." આ વાતને આપણે માન્ય કરતાં હોઇએ તો પણ આ મુનીયોને કેળવણી આપવાની જરૂર છે. વળી એ ખરૂં છે કે યોગ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના પ્રવ્રજિત ન કરવાથી લાભ છે. જેઓ યોગ્ય છે તેઓને આગળ વધવાનું સાધન આ સંસ્થા થઇ પડશે. જેઓ અયોગ્ય છે (અલ્પયોગ્ય છે પ્રાથમિક ધોરણને લાયક છે) તેઓ માટે સરલ અને પદ્ધતિસર શિક્ષણ લઇ શકાય. માટે પુરા સાધનો અને ક્રમિક વિદ્યાભ્યાસ એક પછી એક યોગ્યતા આપશે. અને ક્રમે ક્રમે તે પણ યોગ્ય થશે. યોગ્યાયોગ્યનો વિચાર બે વ્યક્તિઓ ઉપરથી આપણા લોકો કરે છે. એક ઉંચા વર્ગ કે ઉંચા કામને યોગ્ય હોય અને બીજો ઘણાજ નાના પ્રાથમિક કામને યોગ્ય હોય, તે બન્નેના મુકાબલાથી એકને યોગ્ય અને બીજાને અયોગ્ય માની લેવામાં આવે છે. ચોથી ચોપડી ભણેલો છઠ્ઠી ચોપડી ભણવાને અયોગ્ય છે. પણ પાંચમી ભણવાને યોગ્ય છે. જયાંસુધી આવા ધોરણ નહિ હતા, ત્યાંસુધી યોગ્યાયોગ્યનો વિચાર થતો હતો. પણ હવે એ વિચાર કે મુશ્કેલી ઉડી ગયેલ છે. કેમકે ઉંચ કોટીના પાત્રને આપવા લાયક વિદ્યા–શિક્ષણ ઉંચા ધોરણના અભ્યાસ ક્રમમાં હોય છે, તેનો શબ્દ પણ નીચેના ધોરણના સાંભળી પણ ન શકે એવી ગોઠવણ થઇ એટલે પોતાની યોગ્યતા વિનાનું શિક્ષણ–જ્ઞાન પ્રાપ્ત કરી શકેજ નહીં. તેવીજ રીતે આચારો માટે પણ સમજવાનું છે. આચારોના પણ ક્રમ અને ધોરણ ગોઠવ્યા હોય તો ત્યાં પણ યોગ્યાયોગ્યની મુશ્કેલી ઉડી જાય છે. પોતાના ધોરણની પરીક્ષા અયોગ્ય પસાર નહી કરી શકે તો તે પોતાનાજ ધોરણમાં રહે. આગળ વધીજ ન શકે. પછી અયોગ્યને દિક્ષા અને વિદ્યા ન આપવી એ સવાલ ઉડી જાય છે (યાદ રાખવું કે અહીં અયોગ્ય શબ્દનો અર્થ અલ્પ યોગ્ય કર્યો છે) તેવા અલ્પ યોગ્યને આ શાળા યોગ્ય બનાવશે અને તેમની શકિત સુધી આગળ લઈ જાય તેવા સાધનો સહિત આ સંસ્થા છે. જેઓ કોઇ પણ રીતે આ વર્ગમાં આવી ગયા, અને જીંદગીભર અહીંજ જીવન ગાળવાનું નક્કી કરી બેઠા તેને શું જરાપણ અયોગ્ય અયોગ્ય કરીને શિક્ષણ નજ આપવું ? અયોગ્યને યોગ્ય બનાવવા એ આપણે માથે મોટી ફરજ આવી પડી છે. અને અયોગ્ય શબ્દ જેમ બને તેમ આપણા દેશમાંથી કાઢી મુકવો જોઇએ.

બીજો લાભ એ પણ છે કે આપણા દેશમાં કે સમાજમાં કેળવાયેલ વર્ગ હજુ ઘણોજ ઓછો છે, એટલે તેઓની સારી પ્રવૃત્તિનો પડઘો સામાન્ય પ્રજામાં કે ઓછી કેળવણીવાળા પ્રદેશમાં પડતો નથી. કેમકે તેઓ વિદ્વાનોના વિચારો અને ઉદ્દેશો સમજી શકતા નથી. પરંતુ આ સંસ્થામાંથી યોગ્ય કેળવણી લઇ બહાર પડેલા મુનિઓ ગામોગામ પગે ચાલી ઘેર ઘેર સાદી અને સરલ ભાષામાં પ્રેમ પૂર્વક સમજાવશે અને વિદ્વાનોના સારા કામોમાં સામાન્ય પ્રજાની સમજ પૂર્વકની સહી કરાવી આપશે. ને એક અવાજનો પડઘો પાડશે.. આ મોટી મુશ્કેલી આપણા દેશની આમ દૂર થઇ જશે. વળી જુના વિચારો અને નવા વિચારોનો સમન્વય થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરસ્પરનો વિરોધ શમ્યો નથી, તે શાંત કરવામાં પણ ખાસ મદદ આ વર્ગથી મળશે, આ વર્ગ નવા અને જુના વિચારોની સંધી છે બન્નેને થોડા ઘણા પોતાના તરફ ખેંચીને, વચ્ચે મેળવી દેશે. મને લાગે છે કે જૈન કોન્ફરન્સમાં બે ઉદ્દેશો છે, એક કોમના ઉદયના કાર્યમાંજ જૈનત્વ આવે છે અને જૈનત્વનો ઉદય એજ શાસનનો ઉદય, જૈનત્વના ઉદય સમેત કોમનો ઉદય તે જૈન કોમનો ઉદય કહેવાય છે, તેથીજ જૈન કોન્ફરન્સ સાર્થક થઈ શકે છે. વળી કોમનો ઉદય તો બીજાઓ સાથે સમાન સાધનોથી સાધ્ય છે. પણ જૈનત્વનો ઉદય કરવા મળેલી સભામાં તેઓના ખાસ આગેવાન, નવા જુનાઓની સંધી કરનારા વર્ગની તદન ગેરહાજરી કે નજીવો ભાગ હોય ત્યાંસુધી એ સભા જોઇએ તેવી પ્રકાશે નહિ તેમાં શું નવાઈ ? પરંતુ જો આ વર્ગ કેળવાયેલ હોય, પરસ્પરના ઉદ્દેશો સમજી શકે અને બન્નેના મેળથી જો કોન્ફરન્સ ભરાઇ હોય તો તેનું કામ ઘણીજ ઝડપથી ગતિમાન્ થાય અને તેમાં કોઇ પણ બેમત થઇ શકે નથી, આવા આવા અનેક ફાયદાઓ આ સંસ્થાથી અમને સમજાય છે. વળી હજારો કેળવાએલામાંથી સમાજને કે દેશને ઉપયોગી એકાદ બે વ્યક્તિ થશે, પણ આ કેળવાએલા બધાએ બલ્કે ઘણાખરા ઉપયોગમાં આવશે. આવી રીતે અનેક સાધ્યો આ વર્ગ કેળવાય તો સિદ્ધ થાય છે, અને એ વર્ગને કેળવવા સંપૂર્ણ સાધનોવાળી સંસ્થા કરવાથી પણ અનેક અંતર સાધ્યો સિદ્ધ થાય છે. વળી એક વિદ્વાને કહ્યું છે કે " જૈન સાધુઓ જો બરોબર કેળવાય તો જૈન કોમને એકલીનેજ નહિ પણ આખા દેશને મોટો લાભ છે " તેમજ આ સંસ્થાની વ્યવસ્થા એવા પ્રકારની વ્યાપક છે કે અવશ્ય ધારણા પ્રમાણે ફળ મેળવ્યેજ જવાની. આ રીતે આ સંસ્થા તત્વ જ્ઞાનના ચોક્કસ પાયા ઉપર ઉભી થએલ હોવાથી કોઇ પણ વિચારકના વિચારરૂપ ઝાપટાથી શિથિલ થઇ શકે તેમ નથી. માટે હિંદના કે હિંદની સંસ્કૃતિને લાભદાયક બીજી સંસ્થાઓ પ્રમાણે આ સંસ્થા તરફ પ્રેમની નજરે જોવાની અમે ભલામણ કરીએ છીએ. વળી બીજી રીતે હિંદની કોઇ પણ વ્યક્તિ કેળવાય તેમાં દરેક સમજુ માણસોએ લાભજ જોવાનો છે, જુવે છે.

૧૫ અભ્યાસ કરવાના જીજ્ઞાસુ જૈન મુનિ મહારાજાઓ, કે આ સંસ્થાના અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ કરી તૈયાર થવા ઇચ્છનાર ગૃહસ્થ વિદ્યાર્થી બંધુઓને સાદર જણાવવાનું કે આવી રીતે બાહ્યાભ્યંતર વ્યવસ્થાવાળી આ સંસ્થા છે, જે તમે સમજી શકયા હશો, આ સંસ્થામાં દરેક મુનિ મહારાજાઓની સંમતિ છે, તેમજ દરેક ગામના સંઘના સમજુ જૈનો, જૈન યુવાનો તેમજ કેળવાયેલા જૈનો અને વિદ્વાનોની પુરતી સહાનુભૂતિ છે દરેકને આકર્ષી શકે તેવી વ્યવસ્થાવાળી આ સંસ્થા છે તે તમે સમજી શકયા હશો. તમારે અભ્યાસને માટે ફાંફાં મારવાં પડતાં હોય, પંડિતના પગાર માટેની ગોઠવણમાં તમારે અને તમારા ગુરૂને પડવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડતું હોય. વ્યવસ્થિત અને ધોરણ વિના અભ્યાસ કરવો પડવાથી મહેનત ઘણે ભાગે નકામી જતી હોય ને છેવટે અભ્યાસથી કંટાળીને અભ્યાસ છોડવો પડતો હોય તો અહિં આવો, અહિં પૂર્ણ સગવડ છે તમને કોઇ જાતનો કંટાળો ન આવે તે કામ કરી શકો એવી ગોઠવણ રાખવી એ આ સંસ્થાનું જીવન છે.

જો તમે જૈન આચાર વિચાર અને તત્વજ્ઞાનને લગતા વ્યાપક સિદ્ધાંતોમાંથી કે જરૂરની બાબતોથી અજાણ્યા હો તો અહિ સારા જાણકાર થઇ શકશો.

જૈન આચાર વિચારના અજાણ્યાપણાને લીધે તમારા ગુરૂની આજ્ઞા તમને કંટાળારૂપ લાગતી હોય તો અહિં શિક્ષણ લઈ જાઓ. તમને શિક્ષણ આપીને તેમાંના રહસ્યો સમજાવવામાં આવશે અને તેજ આજ્ઞાઓ ઉઠાવવાનું તમને તમારી મેળે મન થશે એવો અહિંનો પ્રબંધ છે તમારી આવી જીંદગીને રસમય બનાવવા ચાહતા હો, શાસ્ત્રાભ્યાસનો આનંદ લુટવા ચાહતા હો, વિદ્વાનોની મીઠી અને જ્ઞાનથી ભરપૂર વાણીનો સ્વાદ ચાખવો હોય તો અહિં પધારો.

અહિં જૈનત્ત ખીલવવા માટે મોટા મોટા પ્રમાણમાં સામગ્રી છે. અહિંની પ્રવૃત્તિ અમુક કાર્ય સાધક સાથે જૈનત્વના ઓપથી ઓપેલી છે. ભિન્ન ભિન્ન માર્ગોએ અને વિચિત્ર વિચિત્રરૂપે જૈનત્વ કેવી રીતે ખીલવી શકાય તેનો અહિ જડે તેમ છે. મહાવીરના કંઇક અંશનો અહિ કંઇક સાક્ષાત્કાર થાય તેમ છે. અહિ આવ્યા ત્યારની અને નીકળતી વખતે તમારી સ્થિતિમાં મોટો ફેર જોશો. અહિં કોઇ રીતે નિરાશ થવું પડે કે અગવડ નડે તેવી બાબતોનો પહેલેથીજ વિચાર કરી નીકાલ કાઢેલો છે.

આ સંસ્થામાં કામ કરવા માટે નીચેના કામદારોની જરૂર છે:

૧ ધોરણવાર શિક્ષકો, ભિન્ન ભિન્ન ભાષાના, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, ધર્મ-શાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, વિગેરે શાસ્ત્રોના સારા વિદ્વાન શિક્ષકો.
૨ પ્રિન્સિપાલ, આંતર વ્યવસ્થા તપાસનાર.
૩ ક્રિયાનું, આચારનું શિક્ષણ અને પ્રેકિટસ આપનારા.
૪ આરોગ્ય અને વ્યાયામનું જ્ઞાન અને પ્રેકિટસ કરાવનાર, તેમજ બીજી નિર્દોષ જરૂર પડતી દવાનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ.
૫ હિસાબી કામ તપાસનાર અમલદાર.
૬ કારકુનો પણ સારી કેળવણી લીધેલા.
૭ શૉર્ટહેન્ડ જાણતો હોય એવો માણસ.
૮ રીપોર્ટર.
૯ પેપર ચલાવનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ સંસ્થાની બહારના કામ માટેનો અમલદાર.
૧૧ પ્રેસ, રસોડું, ને પરચુરણ કામને લગતા માણસો.
૧૨ વિદ્વાન લાયબ્રેરીયન.
૧૩ પાઠય ક્રમ અને ગ્રંથની પસંદગી કે રચી શકે તેવા લેખક અને જ્ઞાન વિદ્વાનો કેટલાક.

આ દરેક ભાગોને માટે માણસોની જરૂર છે.

૧ તેઓને અહીંઆ સ્થાન છે. પાછળથી પણ સંસ્થાના હુક્કમાં નુકશાન કરનાર કે અયોગ્ય સિદ્ધ થએલ વર્તણુકવાળાને રજા આપવામાં આવે છે.
૨ જ્યાં હાલ નોકરી કરતા હોય ત્યાંથી અહિં પગાર સવાયો મળવાનો છે.
૩ કુટુંબ સહીત રહેવાના મકાનો પુરતી સગવડવાળા છે.
૪ નોકરોના કાયદાઓ સરકારી કે એવા બીજા ખાતા પ્રમાણેજ ઘણે ભાગે છે. તેમાં કેટલાક પ્રજાકીય દ્રષ્ટિથી સુધારા પણ કરેલા છે.
૫ જેઓ ઓછે ખર્ચે ને ખાસ સાદા જીવનથી રહી કામ કરવા ઇચ્છતા હશે તેઓને પણ અહિ આવવામાં અડચણ નથી.
૬ જૈન મુનિયો પણ ઇચ્છશે તો તેમને યોગ્ય કામ ભળાવવામાં આવશે.
૭ કામનો ટાઇમ નિયમિત છે, અને કરેલ કામની નોંધ રહે છે. કામની કદર પણ થાય છે, પરંતુ પગારથી ઓછે ખર્ચે કે ઓનરરી, કે મુની છતાં કોઇ પણ કામ કરનારે સંસ્થાએ ઠરાવેલા ધોરણેજ કામ કરવાનું છે. તેમા કોઇની મરજી ચાલનાર નથીં. પોતાની ઇચ્છા જાહેર કરવાની સગવડ હોવાથી જે ઇચ્છા હોય તે જાહેર કરવી. પરંતુ સંસ્થા વર્તવાનું કહે તેમ વર્તવાનું છે. યોગ્યતા ને શક્તિની પૂર્ણ પરીક્ષા કરી યોગ્ય લાગશે, ને સંસ્થામાં કામ હશે તો તેમને તે કામ બતાવવામાં આવશે.

જેમને પોતાના દેશની કે કોમની દાઝ હોય તેઓએ અવશ્ય આ સંસ્થાના લાગતા વળગતાઓને પોતાની ઇચ્છા બતાવવી, પછી પસંદગી કરી જેઓને બોલાવવાનો પત્ર મળે તેઓએ પધારવું.

આ જાહેર ખબરનો સાધારણ નમુનો છે. આવી હોય કે બીજી જાતની હોય પણ તેનાં મૂલતત્વો આવા હોવા જોઇએ કે વાંચનારનું મન આકર્ષે, પ્રમાણીકતા જણાય, ભય અને તાપ પણ જણાય, નિયમિતતા, અને કાર્ય ક્ષેત્રની વિશાલતા જણાય, સગવડ પૂર્ણ જણાય, ભવિષ્યની મોટી આશાઓ બંધાય, વિઘ્ન નાખનારાઓના હૃદયો શાંત થાય, વિઘ્નની શંકાવાલાઓ સંતોષ પામે, સંદિગ્ધ હૃદયો નિ:સંશય થઇ સંસ્થા પ્રત્યે જેવો જોઇએ તેવો વ્યવહાર રાખે એ વિગેરે મતલબો હોવી જોઇએ પૈસાદારો, વિદ્વાનો, અભ્યાસીઓ, બીજા મુનિયો વિગેરેને મનગમતી એને સંસ્થા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના કાયદાઓમાં રહીને જાહેર ખબર હોવી જોઇએ, જાહેર ખબર આપવીજ જોઇએ તેમજ ઠરાવવાનો ઉદ્દેશ નથી, માત્ર આ લેખ તે શૈલીથી લખ્યો છે, સમજુએ મતલબ સમજવાની છે.

આ ઉપર પ્રમાણેની જાહેર ખબર આપ્યા પછી વિચાર કરો કે આ જાહેર ખબર વાંચનારાઓના મગજમાં શીશી અસરો થશે ? ( અર્થાત્ નીચે પ્રમાણે અસર સમજવામાં થાય તોજ સંસ્થા પહેલું પગથીયું સહેલાઇથી ચડી શકે ) સમાજના દરેક અંગોમાં કંઇક સ્ફૂર્તિ થવાની, આગેવાનો, મુનિયો, અભ્યાસીઓ, જૈન અમલદારો, વિદ્વાનો ખરા વિચારકો દરેકના મગજમાં ચળવળ ઉભી થવી જોઇએ. અભ્યાસીઓના મન ઘણાજ ઉત્સુક બની જવા જોઇએ, અહિં એવી શંકા કરવામાં આવે છે કે, કોણ અભ્યાસ કરવા આવશે ? પણ આ શંકાનું સમાધાન સહજ થઇ શકે તેમ છે,કેમકે અભ્યાસીઓના મન અભ્યાસ માટે ઉત્સુકજ હોય છે. પણ સમાજમાં સામગ્રીનો અભાવ અને આજુબાજુના તેવા સંજોગોને લીધે તેઓની તે જીજ્ઞાસા મૃતપ્રાય થાય છે. જૈન સાધુઓ સામાન્યતઃઉચ્ચ કુલના હોય છે. અને વ્યાખ્યાન વાંચવાની બુદ્ધિથી કે સન્માનની સ્પર્ધાની ઇચ્છાથી અવશ્ય અભ્યાસ કરવાની ઇચ્છાવાળા હોય છે, તો પ્રથમથીજ એટલું પણ લક્ષ્ય હોય તે પણ ઘણું સારૂં છે, પરંતુ જ્યાં એટલો અભ્યાસ શરૂ કરે તે વખતે સમાજના સમજુ માણસો તરફથી એવી ગોઠવણ કરેલી હોવી જોઇએ કે તે એક વખત સંસ્થામાં આવ્યા પછી બહાર જવાનું મન નજ કરે, અને ઉત્સાહપ્રેરક શિક્ષકો કે બીજી વ્યક્તિઓ દ્વારા તેમનો ઉત્સાહ વધતો જાય અને મહત્વાકાંક્ષા પણ વધતી જાય, એવા સાધનો હોય તો અવશ્ય તે આગળ વધેજ. બાકી પ્રથમ લક્ષ્ય ટુંકુંજ હોય છે. એ લક્ષ્ય ઉપરથી આગળ દ્રષ્ટિબિંદુ વધારવુ એ આ જુદા જુદા સંજોગો ઉપર છે. આ સંસ્થામાં એ સગવડ હોવાથી ભણનારાનાં મન અવશ્ય ઉત્સુક થવાનાજ. સંસ્થામાં આવ્યા પછી રોકી રાખવાના આકર્ષક સાધનો જોઇએ . એકાદ બે ઉદાહરણોમાં આગમોદય સમિતિ કે બનારસ પાઠશાળાના આપવામાં આવે છે, તો હું પ્રશ્ન કરૂં છું કે મોટા પાયા પર કરેલી સગવડવાળી અને સત્ય તથા વ્યવહારૂ પાયા ઉપર ઉભી થયેલી તે સંસ્થાઓ છે ? અથવા તે સંસ્થામાં આકર્ષણ અને શુદ્ધ વ્યવસ્થા છે ? વળી એ સવાલ રહે છે કે શિષ્યો કદાચ ભણવાને ઉત્સુક બને પણ તેઓના ગુરૂઓ ન મોકલે તો કેમ ? આ પ્રશ્નોનો ઉત્તર પણ એવોજ કે પોતાના શિષ્યને સંસ્થામાં મોકલતાં જે જે બાબતોથી તેઓનાં હૃદયો શંકાતા હેય તે બરોબર સૂક્ષ્મતાથી તપાસી લઈ સંસ્થાના મૂલ તત્વોને બાધ ન આવે તેવી રીતની વ્યવસ્થા અને સગવડતા કરવી, અને તેવો તેઓને વિશ્વાસ આપેલો હોવો જોઇએ અને આશા પણ બતાવવી જોઇએ તેમ છતાં નિષ્કારણ ન મોકલે તો સંસ્થાએ ગચ્છના કે ગામના આગેવાનો ઉપર પણ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્તા બેસાડવી જોઈએ, અને સંસ્થા માટે ઉંચો અભિપ્રાય બંધાય તેવા ઉપાયો યોજવા જોઇએ. જ્યારે તે કામમાં સંસ્થા ફતેહમંદ નીવડી એટલે તેઓની પ્રેરણાથી અવશ્ય શિષ્યોને મોકલવા પડશે. આ બધી બાબતો યોજવી એજ વ્યવહારૂ પગલા કહેવાય છે.

આ બધું બને પરંતુ વિદ્વાનો પોતાના તત્વજ્ઞાનભર્યા લેખમાં અથવા હિંદની જરૂરીયાતોના લેખોમાં હાલ શું કરવાથી હિંદને કે જૈન શાસનને કે જૈન કોમને ફાયદો છે એ વિષયનો વિચાર કરતાં આ સંસ્થાની નિરૂપયોગિતા ઠરાવે તો સંસ્થા પડી ભાંગવાની સ્થિતિમાં અવશ્ય આવે, એ આઘાત હું અસાધારણ માનું છું, તેમ થવા ન પામે માટે તેની રચના તત્વજ્ઞાનના કે ઉપયોગિતાના પાયા ઉપર સ્થિર કરવામાં આવે તો એ આઘાત લાગી શકશે નહિ.

જો એમ ક્યાસ રાખવામાં આવે કે તેમાં સ્વયં સંશય થાય તો પછી સંસ્થાના મૂળ ઉંડા રોપાવાનાજ નહીં માટે તેની જરૂરીયાત ઉપયોગિતા-અબાધ્ય ઠરાવવી જોઇએ. એમ કરવાથી વિદ્વાન વર્ગ સમ્મત રહેશે. તેની સાથે અવનવા અખતરા એક એક બાબતને આકારમાં મુકતા જવાથી સંસ્થાને અનેક જાતની મદદ મળવાની અર્થાત્ કોઇ પણ સંસ્થા કે કામ તત્વજ્ઞાનની જરૂરીયાતોના પાયા ઉપર રચાવું જોઇએ. એના વિઘ્નો મુત્સદ્દીપણાથી દૂર દૂર રહે તેવી ગોઠવણ કરવી જોઇએ. નિરાશાઓના પ્રસંગોને યોજના બળથી સરળ બનાવવા જોઈએ. અને આગળ વધવા આકર્ષકતા ને દેખાવ રાખવો જોઈએ, તેમજ પોતાનું કામ આંતર વ્યવસ્થાથી શુદ્ધ રાખીને બાહ્ય વ્યવસ્થામાં આકર્ષક બનાવવું જોઇએ. આ વ્યાપક અને સર્વ દિશા તરફથી પોતાનોજ લાભ મેળવનારી પદ્ધતિના મૂળ સિદ્ધાંતો છે.

આ બધી બાબતોને કેટલેક અંશે ઉપરની જાહેર ખબર સિદ્ધ કરે છે.

પણ બીજો વિચાર એ છે કે શું આવી જાહેરખબરજ લોકો ના વિચારો સંસ્થા તરફ વાળશે ?

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનઃ સંયમ.

વિઠ્ઠલદાસ મુ. શાહ, બી. એ.

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥**

જેવી રીતે મનુષ્યને સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવી ગમે છે અને તે કડવી તેમજ દુર્ગંધ વસ્તુઓથી મુખ બગાડે છે, જેવી રીતે તે સુગંધની પાસે જાય છે અને દુર્ગંધથી દૂર ભાગે છે તેવી રીતે મનુષ્ય કેટલીક વસ્તુઓ ઉપર પ્રીતિ રાખે છે અને કેટલીક વસ્તુઓ ઉપર દ્વેષ રાખે છે. મનુષ્યને સર્વ પ્રકારની ઇચ્છા, સર્વ પ્રકારના ઉદ્યમ, શ્રમ, વિગેરે સર્વ એ પ્રીતિ અને દ્વેષના કારણથીજ થયા કરે છે. પરંતુ જો એ વાત નિશ્ચિત હોત કે મનુષ્યજાતિ અમુક વસ્તુઓને ચાહે છે અને અમુક વસ્તુથી દૂર ભાગે છે તો ઘણું ઠીક થાત, કેમકે એવી સ્થિતિમાં સંસારના સર્વ મનુષ્યો હમેશાં એવી વસ્તુઓ બનાવવાનો, સંગ્રહવાનો અને રક્ષવાનો પ્રયત્ન કરત કે જે મનુષ્ય જાતિને પસંદ હોય; અને જે ચીજો મનુષ્યોને નાપસંદ હોય તે સર્વને નષ્ટ કરી નાખત. પરંતુ અહિં તો સંસારની સમસ્ત વસ્તુઓમાંથી કોઇ મનુષ્ય એક વસ્તુને ચાહે છે તો કોઇ બીજી વસ્તુને ચાહે છે, અર્થાત્ એક મનુષ્ય જે વસ્તુને ચાહે છે તેજ વસ્તુને બીજો મનુષ્ય ધિક્કારે છે.

જો એમ હોય કે એક મનુષ્ય હમેશાં એકજ પ્રકારની વસ્તુઓ પસંદ કરે છે અને બીજી બધી વસ્તુઓને ધિક્કારે છે તો એ પણ ઠીક છે, કેમકે એવી સ્થિતિમાં પ્રત્યેક મનુષ્યના યત્નો હમેશાં એકજ દિશામાં રહે. પરંતુ એમ પણ નથી. એકજ મનુષ્ય કોઇ વખત કોઇ વસ્તુની ઇચ્છા કરે છે અને કોઇ વખત બીજી વસ્તુની ઇચ્છા કરે છે. પહેલાં જેની ઇચ્છા કરતો હોય છે તેજ વસ્તુને પાછળથી ધિક્કારવા લાગે છે. અને પહેલાં જેને ધિક્કારતો હોય છે તેની તે પાછળથી ઇચ્છા કરવા લાગે છે. જેવી રીતે જે મનુષ્યના શરીરમાં કફની વૃધ્ધિ હોય છે તેને મીઠા પદાર્થો ખાવાની તીવ્ર ઇચ્છા થાય છે અને ખાટા પદાર્થો તરફથી મન હઠી જાય છે, પરંતુ જ્યારે તેના શરીરમાં પિત્ત વધે છે ત્યારે તેજ મનુષ્ય ખાટાં પદાર્થો ખાવા ઇચ્છે છે અને મધુર પદાર્થો તરફ અણગમો બતાવે છે. એવીજ રીતે હમેશાં આપણા જોવામાં આવે છે કે મનુષ્ય જેની સાથે પહેલાં અત્યંત પ્રીતિ રાખતો હોય છે, જેને જોઇને તેનું ચિત્ત અપૂર્વ આનંદથી ઉલ્લસિત બનતું હોય છે અને જેનાથી એક ઘડી પણ પોતે જુદો રહેવા ઇચ્છતો નથી હોતો તેનાથી કોઇ કારણ વશાત્ નારાજ થઇ જાય છે તો તેનું મુખ પણ જોવા ઇચ્છતો નથી. બલ્કે કોઇ વખત તેના પ્રાણ લેવા તત્પર બની જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે વસ્તુઓને માટે મનુષ્ય ગરીબાઈમાં તલસતો હોય છે તે વસ્તુઓ તરફ તે ધનવાન બની જાય છે ત્યારે દૃષ્ટિ પણ કરતો નથી. આ બધું કહેવાની મતલબ એ છે કે મનુષ્યની ઇચ્છાઓ અને જરૂરીયાતો હમેશાં સ્થિર રહેતી નથી, બલ્કે તે પ્રત્યેક ક્ષણે બદલાયા કરે છે અને મનુષ્યને જુદી જુદી રીતે નચાવ્યા કરે છે.

જ્યારે મનુષ્યની ઇચ્છાઓ પ્રબલ બની જાય છે ત્યારે તે મનુષ્ય ઉપર પોતાનો એવો પ્રભાવ જમાવે છે કે તે પોતાના હાનિ લાભને ભૂલી જાય છે અને તેના ફંદામાં ફસાઇ જઈને પોતે પોતાની જાતને નુકશાન પહોંચાડવા લાગે છે. જેવી રીતે ઘણી વખત આપણા જોવામાં આવે છે તેમ અમુક વસ્તુ ખાવાથી નુકશાન પહોંચશે એમ જાણતા છતાં ઘણા લોકો પોતાની રસનેંદ્રિયને વશ બનીને એ વસ્તુ ખાય છે અને બીમાર પડી જાય છે, એવી રીતે અનેક દૃષ્ટાંત આપી શકાય એમ છે જેનાથી સિદ્ધ થાય છે કે મનુષ્ય પોતાની ઇચ્છાઓને વશ બનીને એવા કામ કરે છે કે જેનાથી તેને પોતાને અત્યંત હાનિ પહોંચે છે.

આવી સ્થિતિમાં પ્રત્યેક મનુષ્યનું એ આવશ્યક મુખ્ય કર્તવ્ય છે કે તેણે અત્યંત સાવધાન રહેવું જોઇએ અને પોતાની ઇચ્છાઓને એટલી બધી પ્રબળ ન થવા દેવી કે જેથી તે તેના ઉપર પોતાનું પ્રભુત્વ જમાવવા લાગે અને તેને તેની મરજીમાં આવે તેમ નચાવે; બલ્કે મનુષ્યેજ તેના ઉપર પોતાનું આધિપત્ય રાખવું જોઇએ, અર્થાત્ પોતાની વિચાર શક્તિ અનુસાર હાનિકારક ઇચ્છાઓ તથા પ્રવૃત્તિઓને હમેશાં અંકુશમાં રાખવી જોઇએ.

એવી રીતે જો તેની ઇચ્છા શક્તિ ખરેખરી રીતે લાભકારક વસ્તુઓ પ્રત્યે તિરસ્કાર બતાવતી હોય તો તેને માટે જરૂરનું છે કે તેણે તે તિરસ્કારની લાગણીને દબાવવી જોઇએ અને તે વસ્તુને કામમાં લેવી જોઇએ. દાખલા તરીકે કોઇ કડવી દવા એક માંદા માણસને તેના વ્યાધિની નિવૃત્તિ અર્થે આપવામાં આવી હોય, પરંતુ તે ખાવાને તેને અણગમો થતો હોય તો તેને માટે જરૂરનું છે કે તેણે અણગમાને દબાવી દઇને તે દવા ખાવી જોઇએ. એવીજ રીતે બાળકોની સાથે રમતમાં પડવાથી કોઇ વિદ્યાર્થી નિશાળે જવાની ઇચ્છા ન કરે તો તેને માટે જરૂરનું છે કે તેણે પોતાની તે ઇચ્છાને દબાવી દેવી જોઇએ અને રમત ગમત છોડીને તરતજ નિશાળે જવું જોઇએ. સઘળી બાબતોમાં આ પ્રમાણે સમજી લેવું જોઇએ.કેમકે ઇચ્છા અનેદ્વેષનું જોર મનુષ્યનાં મનમાં હમેશાં વિશેષ રહે છે અને તે તેની વિચાર શકિતને દબાવ્યા કરે છે. એટલા માટે મનુષ્યે હમેશાં અત્યંત સાવધાન રહેવું જોઇએ અને પોતાની વિચાર શક્તિને પ્રબળ રાખીને તે અનુસાર પોતાના કાર્યો કરવા જોઇએ. કદિ ભૂલથી પણ ઇચ્છા અને દ્વેષના ફંદામાં ન આવવું જોઇએ, બલ્કે પોતાના ઇચ્છા તથા દ્વેષને પોતાના લાભ હાનિ અનુસાર બનાવવા યત્ન કરવો જોઇએ. જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય આ રીતે સાવધાનતાથી કામ કરે તો તે અનેક આપત્તિઓથી બચી જાય અને સંપૂર્ણ સુખ શાંતિથી પોતાનુ જીવન વ્યતીત કરી શકે.

પહેલાંજ કહેવામાં આવ્યું છે કે પશુપક્ષી સર્વ કાર્યો પોતાની પ્રકૃતિ અનુસારજ કરે છે. તેઓ તેમાં જરા પણ ન્યૂનાધિકતા કરી શકતા નથી. પરંતુ મનુષ્યમાં વિચારશક્તિ રહેલ છે જે દ્વારા તે પોતાના સુખ-શાંતિ વધારવાના નવા નવા ઉપાયો શોધે છે અને પોતાની પ્રકૃતિને દબાવીને તદનુસાર કાર્યો કરે છે. એ રીતે તે ઉન્નતિની શ્રેણીપર આગળ વધ્યા કરે છે. એમ કરવાથીજ તે પશુઓથી ઉત્તમ બની શકેલ છે અને અનેક પ્રકારની આપત્તિઓથી બચીને પોતાના સુખશાંતિ વધારવા શક્તિવાન બનેલ છે. આવું શુભ પરિણામ પોતાના લાભ હાનિનો ખ્યાલ રાખવાથી અને પોતાની વિચાર-શક્તિ અનુસાર કાર્ય કરવાથીજ આવેલ છે. પરંતુ ખેદની વાત છે કે અનેક મનુષ્યો પોતાની પ્રકૃતિને દબાવવામાં ઘણાજ બેદરકાર રહે છે જેને લઇને તેઓની પ્રકૃતિ અત્યંત બગડી જાય છે અને તેઓની વાસનાઓ અતિ પ્રબળ બની જાય છે. તે વાસનાઓ તેઓને પુતળાની માફક નચાવે છે અને સારાં નરસાં સર્વ કાર્યો કરાવે છે. આ રીતે મનુષ્યો વાસનાઓને આધીન બનવાથી પશુ કોટિથી પણ હલકા બની જાય છે અને વાસ્તવીકરીતે તેઓ પોતાની વાસનાઓ સમક્ષ કાષ્ટના પુતળા સમાન બની જાય છે.

પશુઓ પોતાની પ્રકૃતિ અનુસાર અમુક ૠતુમાંજ કામવાસનાની તૃપ્તિ કરે છે, જેથી તેઓનું વીર્યબળ વિશેષ રહે છે. પરંતુ મનુષ્યે પોતાની પ્રકૃતિ એવી બગાડી મુકી છે કે તે અમર્યાદિત રીતે કામસેવન કરે છે. અધિક કામસેવનથી જે ભયંકર પરિણામો આવે છે તે કોઇથી અજાણ્યા નથી. આને લઇને મનુષ્યોમાં પશુઓ કરતાં વીર્યબળ અતિ અલ્પ રહે છે, જેથી તેઓને અધિક સંયમથી રહેવાની આવશ્યકતા છે અને પ્રકૃતિ પણ એજ કહે છે. પરંતુ મનુષ્યે પોતાનાં બુદ્ધિબળથી અનેક ઔષધીયો તથા અનેક પ્રકારની તદબીરો શોધી કાઢી છે જેને લઇને તેનામાં હમેશાં કામવાસનાનું જોર રહે છે. આનું પરિણામ એ આવ્યું છે કે મનુષ્યો અત્યંત નિર્બળ બની ગયા છે અને દિનપ્રતિદિન નિર્બળ બનતા જાય છે. જેમ જેમ તેઓ નિર્બળ બની જાય છે તેમ તેમ તેઓની વાસનાઓ પ્રબળ બનતી જાય છે અને હરવખત તેઓને પોતાની લાલસાઓ પૂર્ણ કરવા તરફ દોરે છે. એ વાસનાઓના ઉત્તેજનને લઇને તેઓની વિચારશક્તિ એટલી બધી શિથિલ બની જાય છે કે તેઓને પોતાની બલહીનતાનું ભાન પણ રહેતું નથી. એવી સ્થિતિમાં પણ તેઓ પોતાનું પૂર્વબળ પ્રાપ્ત કરવાની અને ઇચ્છાઓને અંકુશમાં રાખવાની કોશીશ કરતા નથી, બલ્કે અશકત સ્થિતિમાં પણ પોતાની ઇચ્છાનુસાર વર્ત્યા કરે છે. ઔષધીયોના પ્રભાવથી તે કંઇક શકિત પ્રાપ્ત કરે છે કે તરતજ પોતાની જાતને સંપૂર્ણતઃ સ્વસ્થ સમજીને કામવાસનાઓમાં ફસાઇ જાય છે એ ખરેખર ખેદજનક વિષય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી એટલું તો સ્પષ્ટતઃ સમજાય તેમ છે કે મનુષ્ય પોતાની ઇચ્છાઓ દબાવવાની મહાન શકિતનો દુરૂપયોગ કરીને પોતાની પ્રકૃતિને બગાડી નાંખે છે, જેને લઈને તે અનેક વિપત્તિઓમાં ફસાઇ પડે છે. વિચારવા જેવી વાત એ છે કે પશુપક્ષીઓ પ્રકૃતિ વિરૂદ્ધ કોઇપણ જાતની ક્રીડા કરતા નથી, પરંતુ દુર્ભાગ્યવશાત્ મનુષ્યોમાં એ સર્વ દોષો જોવામાં આવે છે. આનું કારણ એ છે કે પશુઓને પોતાની પ્રકૃતિ વિરૂદ્ધ કરવાનું કોઇપણ કાર્ય સૂઝતું નથી અને તેઓ કોઇપણ કાર્ય પોતાની પ્રકૃતિ વિરૂદ્ધ કરી શકતા નથી. પરંતુ મનુષ્યમાં વિચારશક્તિ રહેલ છે જેને લઇને તે પ્રત્યેક વિષયમાં નવી નવી વાતો શોધી શકે છે અને તદનુસાર કાર્ય કરીને પોતાની પ્રકૃતિ બદલી પણ શકે છે. એટલા માટે જ્યારે તે અસાવધાન બનીને પોતાની વિચાર શક્તિને શિથિલ કરી મુકે છે અને પોતાના હાનિલાભનો વિચાર ભૂલી જઇને પોતાની ઇચ્છાઓને વશ બની જાય છે ત્યારે તે પોતાની પ્રકૃતિને એવા વિપરીત રૂપમાં ફેરવી નાંખે છે કે જેનાથી તેને અપરિમિત હાનિ પહોંચે છે અને તે અત્યંત અધોગત દશામાં આવી પડે છે.

આમ કહેવાની એ મતલબ નથી કે પશુપક્ષીઓની માફક મનુષ્યોએ પણ પોતાની પ્રકૃતિને આધીન રહેવું અને પોતાની વિચારશક્તિ અનુસાર તેમાં કાંઇ પણ સુધારો અથવા ફેરફાર ન કરવો, બલ્કે કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્યોએ હરવખત પોતાની વિચારશક્તિથી કામ લઇ પોતાનાં પ્રત્યેક કાર્યમાં નવીનતા લાવવા યત્ન કરવો જોઇએ અને પોતાની બુદ્ધિનો વિકાસ કરવા યત્નશીલ રહેવું જોઇએ; પરંતુ અસાવધાન બનીને પોતાની ઇચ્છાઓને એવા વિપરીત રૂપમાં પ્રવૃત્ત થવા ન દેવી જોઇએ કે જેનાથી પોતાના મનુષ્યત્વમાં ખામી આવે અને પોતે ઉન્નત થવાને બદલે અધોગતિમાં પડી જાય. એટલા માટે જો મનુષ્યો પોતાની વિચાર-શક્તિથી કામ લીધા કરે અને પોતાનાં મનને સંપૂર્ણ સાવધાનતાથી સંયમમાં રાખે તો પરિણામે તેઓ અવશ્ય સુખ પામે અને પોતાને શીઘ્રતાથી ઉન્નતિના શિખર ઉપર પહોંચાડી દે. પરંતુ જો તેઓ પોતાની સાવધાનતામાં જરાપણ ભૂલ કરે છે તો તેઓનું મન તેઓને અત્રતત્ર ભટકાવી કોઈ એવા સ્થળમાં પટકાવી દે છે કે જ્યાંથી બહાર નીકળવું અત્યંત કઠિન બને છે.

પાંચ ઇંદ્રિયોના વિષયો અસાવધાન મનુષ્યને અત્યંત સતાવે છે અને ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રલોભનો બતાવીને તેને એટલો બધો પરાધીન બનાવી મુકે છે કે તે પોતાનું સઘળું ભાન ભૂલી જઇને તેનો ગુલામ બની રહે છે. જો અસાવધાન મનુષ્ય આમાંથી એકજ વિષયને વશ બની જઇ તેમાં રચ્યો પચ્યો રહે તો તેની એટલી બધી ખરાબી થતી નથી, પરંતુ તે તો ઉક્ત પાંચે વિષયોના જબરદસ્ત પંજામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સપડાયલો હોવાથી તે સર્વ તેને પોતાની તરફ ખેંચી રહ્યા છે અને તેને પોતાને વશ કરી લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

અસાવધાન મનુષ્યને તે પાંચે ઈંદ્રિયો પોતાની તરફ ખેંચીને તેની અત્યંત બુરી દશા કરે છે. તેઓ તેની વિચારશક્તિને નષ્ટપ્રાયઃ કરીને, હાનિલાભના વિચારો ભૂલાવીને અને તેના સઘળા સુપ્રબંધો તોડી પાડીને તેને સંકટમાં ફસાવી દેછે. એવી સ્થિતિમાં તે પશુઓ કરતાં પણ અધિક અધમ દશા ભોગવે છે. પરંતુ સાવધાન મનુષ્યની બાબતમાં તેની એ પાંચ ઇંદ્રિયો પાંચ પ્રકારના ઉત્તમ હથિયારની ગરજ સારે છે કે જે દ્વારા તે સંસારની સમસ્ત વસ્તુઓના ગુણો પારખી શકે છે અને તે ગુણોને પોતાની જરૂરત અનુસાર કામમાં લે છે. તે સ્પર્શેન્દ્રિય દ્વારા હલકું ભારે, નરમ કઠોર, અને ઠંડું ગરમ આદિ જાણે છે, સ્વાદેન્દ્રિય દ્વારા તે ભિન્ન ભિન્ન પ્રકારના સ્વાદ જાણે છે, ઘ્રાણેન્દ્રિય દ્વારા તે અનેક પ્રકારની ગંધ જાણે છે, આંખોદ્વારા તે જુદી જુદી જાતના રંગ જુએ છે, ભિન્ન ભિન્ન રૂપ જાણે છે, નજીક દૂર આદિ અંતર જુએ છે અને ઉંચા નીચા સ્થાનનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, કર્ણેન્દ્રિય દ્વારા તે અનેક પ્રકારનાં તાલ, સ્વર આદિનું જ્ઞાન મેળવે છે, એ સર્વ બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તે પોતાના સુખનાં અનેક કાર્યો સાધે છે અને દિન પ્રતિદિન આત્મોન્નતિના માર્ગ પર આગળ વધ્યે જાય છે.

પરંતુ આ પાંચે ઇંદ્રિયોથી કામ લેવામાં મનુષ્યની દશા સરકસમાંના બે ઘોડાના સ્વાર જેવી થાય છે. જે કોઇ વખત પોતાનો એક પગ એક ઘોડાની પીઠ ઉપર અને બીજો પગ બીજાની પીઠ ઉપર મુકીને ઉભો થઇ જાય છે અને બંન્ને ઘોડાને દોડાવતો ચાલ્યો જાય છે. વળી કોઇ વખત એક ઘોડાની પીઠ ઉપર તે બેસી જાય છે અને બીજાની પીઠ ઉપર પોતાના પગ રાખે છે, વળી કોઇ વખત કોઈ જુદીજ રીતે બેસે છે, પરંતુ પ્રત્યેક અવસ્થામાં તે બન્ને ઘોડાને એકજ ગતિથી દોડાવે છે. તેને હરવખત ઘણીજ સાવધાનતાપૂર્વક કામ લેવું પડે છે તેમજ બન્ને ઘોડાને પોતાના કાબુમાં રાખવા પડે છે. કેમકે એક ઘોડો જરાપણ આગળ પાછળ થઇ જાય અથવા બન્ને ઘોડા એવી ઝડપથી દોડવા લાગે કે તે સ્વાર સંભાળી ન શકે તો તે સ્વારની દુર્દશા થાય, તેને કોઇપણ જાતની ઇજા થાય, તે ભૂમિ ઉપર પડી જાય અથવા કોઈ બીજી આપત્તિમાં આવી પડે. એ રીતે મનુષ્યે પણ પોતાની ઇંદ્રિયોને કામમાં લેવામાં અત્યંત સાવધાન રહેવાની જરૂર છે અને તેને સારી રીતે પોતાને આધીન કરવી પડે છે. જો તે કોઈ વખતે જરાપણ અસાવધાન બને છે તો તે ઇંદ્રિયો તેના ઉપર આધિપત્ય મેળવે છે અને તેને અધોગતિની ગર્તામાં ફેંકી દે છે.

સરકસમાંના ખેલાડીને તો બે ઘોડા ઉપર સ્વાર થવાનું હોય છે, પરંતુ મનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષ્યને પોતાની પાંચ ઇંદ્રિયો પર સ્વાર થવું પડે છે જે સરકસના ઘોડા કરતાં પણ વિશેષ બળવાન તેમજ ચંચળ છે. એટલા માટે પોતાની ઇંદ્રિયોથી કામ લેવામાં મનુષ્યે અતિશય સાવધાન રહેવું જોઇએ તથા પોતાની પાંચે ઇંદ્રિયોને સંપૂર્ણતઃ વશ કરીને તેની ઉપર પુરેપુરી દેખરેખ રાખવી જોઇએ. તેથી પ્રત્યેક મનુષ્યને માટે જરૂરનું છે કે તેણે પોતાની પાંચે ઇંદ્રિયોથી કામ લેતાં રહેવું, પરંતુ એક પણ ઇંદ્રિયને એવી રીતે ન ઉછળવા દેવી કે તે તેની જરૂરતની હદ ઓળંગી જાય અથવા અહિં તહિં વિચલિત થઇ જાય; બલ્કે સમય, અવસ્થા, પરિસ્થિતિ, આવકખર્ચ, સુખ-દુઃખ, હાનિ લાભ અને સર્વ પ્રકારની જરૂરતોનો વિચાર કરીને તદનુસાર પોતાની ઇંદ્રિયોને કામમાં લેવી જોઇએ અને સઘળી ઇંદ્રિયોનો સમુચિત ઉપયોગ કરીને તેનાથી પુરેપુરો આનંદ મેળવવો જોઇએ. પરંતુ તેણે કદિ ભૂલથી પણ ઇંદ્રિયોને વશ ન બનવું જોઇએ અને એક પણ ઇંદ્રિયને જરૂરતથી વધારે કામમાં ન લેવી જોઇએ; બલ્કે દરેકે હર વખત પોતાની વિવેક બુદ્ધિથી કામ લેતા રહેવું, અને જે સમયે જે ઉચિત લાગે તેજ કરવું અને પોતાની ઇંદ્રિયોને પણ એ રીતે પરિચાલિત કરતા રહેવું એજ આત્મનિગ્રહ—મનઃ સંયમનું ગુપ્ત રહસ્ય છે.

જેવી રીતે પાંચ ઇંદ્રિયો મનુષ્યના પાંચ અદ્ભુત હથિયાર રૂપ છે કે જે દ્વારા તે સંસારની વસ્તુઓના અનેક ગુણો જાણી શકે છે અને જો તેની કોઇ ઇંદ્રિય બગડી જાય છે તો તેનું એ ઇંદ્રિય વિષયક જ્ઞાન પણ લુપ્ત થઇ જાય છે અને તે મુશ્કેલીમાં આવી પડે છે તેવી રીતે ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ, રાગ આદિ કષાયો પણ એવી પ્રબળ શક્તિઓ છે કે જે દ્વારા તે સંસારનાં સર્વ કાર્યો કરે છે. જો મનુષ્યમાં એ શકિતઓ ન હોય તો તે કાંઇ પણ કરી શકતો નથી અને કેવળ નિષ્ક્રિય બની જાય છે. જેવી રીતે ઇંદ્રિયોથી સાવધાનતાપૂર્વક કામ ન લેવાથી તે મનુષ્યો ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી લે છે તેવીજ રીતે ઉકત લોભાદિ શકિતઓથી કામ લેવામાં અસાવધાનતા રાખવામાં આવે છે તો તે શકિતઓ પણ ઇંદ્રિયોથી અધિક ઉદ્ધત બની જાય છે—મહા ભયંકર બની જાય છે અને અતિશય ઉપદ્રવ મચાવી મુકે છે. એટલા માટે ઉકત લોભક્રોધાદિ જબરદસ્ત શકિતઓને અત્યંત સાવધાનતાપૂર્વક કાબુમાં રાખવાની, પોતાની જરૂરત અનુસાર તેનાથી કામ લેવાની તેમજ તેઓને સીમા બહાર જવા ન દેવાની અનિવાર્ય આવશ્યકતા છે. તે ઉપરાંત પોતાના હાનિલાભ અને સુખ દુઃખના વિચારો દ્વારા એ વાતનો પણ પુરેપુરો પ્રબંધ કરી લેવાની આવશ્યકતા છે કે એ શકિતઓમાંથી કયી શકિત સાથે કયારે કેટલું કામ લેવું જોઇએ, અર્થાત હૃદયના એ આવેગોમાંથી કયા આવેગને કેટલો દબાવવો જોઇએ અને કેટલો છુટો મુકવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યના હૃદયમાં રહેલા આ આવેગોની સ્થિતિ એક એંજીનમાં રહેલી વરાળ જેવી છે. કારખાનામાં અનેક કાર્યોને માટે જુદાજુદા સાંચાઓની યોજના કરેલી હોય છે અને સઘળા એક એંજીનની વરાળના જોરથી ચાલે છે. પરંતુ એવી જાતનો પણ પ્રબંધ કરેલો હોય છે કે કારખાનાવાળો જે સમયે જે સાંચાને ચલાવવા માગતો હોય તેની અંદર વરાળની શકિત પહોંચાડીને તેને ચલાવે છે અને જ્યારે ચાહે ત્યારે તેને બંધ કરી દે છે. કોઇ કોઇવાર તે પોતાની જરૂરત અનુસાર તે સાંચાના વેગને ન્યૂનાધિક શક્તિ પહોંચાડીને મંદ યા ત્વરિત પણ કરી શકે છે. મતલબ એ છે કે કારખાનાના સર્વ સાંચા તેને આધીન રહે છે. તે જ્યારે જ્યારે જે જે સાંચાને ચલાવવા ઇચ્છે છે ત્યારે ત્યારે તેને ચલાવે છે અને તેની ઇચ્છામાં આવે ત્યારે તેને બંધ કરે છે અને પોતાની ઇચ્છાનુસાર તેનાથી કામ લે છે. પરંતુ આવો ઉત્તમ પ્રબંધ હેવા છતાં પણ જ્યારે એ કારખાનાવાળો જરા પણ અસાવધાન બની જાય છે અને કોઇ સાંચામાં જરૂર કરતાં વિશેષ શક્તિ પહોંચાડી દે છે ત્યારે તે સાંચા દ્વારા થતું કાર્ય નષ્ટભ્રષ્ટ થઇ જાય છે. અને કદાચ જો વધારે ગરબડ મચી રહે છે તો તે વરાળની શક્તિ આખા કારખાનાને અસ્તવ્યસ્ત કરી મુકે છે અને આસપાસ સર્વત્ર અવ્યવસ્થા પ્રવર્તાવે છે.

એ રીતે મનુષ્ય પણ એક મહાન કારખાનાં સમાન છે. જીવ એ કારખાનું ચલાવનાર છે અને મસ્તિષ્ક તેનું દફ્તર છે જે દ્વારા તે સર્વ કાર્યો કરે છે અને તેની નોંધ રાખે છે. પાંચ ઇંદ્રિયો તેના પાંચ જાસુસ યા વિશેષજ્ઞ છે, જે દ્વારા તે સમગ્ર વસ્તુઓના અનેકાનેક ગુણોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને પોતાની જરૂરત અનુસાર તેને પોતાના ઉપયોગમાં લે છે. હૃદય એ કારખાનાનું એંજીન છે જેની અંદર હરવખત વરાળ ઉત્પન્ન થયા કરે છે અને તે વરાળ ક્રોધ, માન, માયા લોભ, રાગ દ્વેષ, સુખ, દુઃખ અને ભય આદિ શક્તિઓના રૂપમાં પ્રકટ થઇને મનુષ્યરૂપી કારખાનાને ચલાવે છે, પરંતુ જ્યારે જીવ બેદરકાર બની જાય છે અને મસ્તિષ્ક દ્વારા સંપૂર્ણ સાવધાનતા પૂર્વક કામ નથી લેતો, અર્થાત્ ઉક્ત શક્તિઓને પોતાના અંકુશમાં રાખીને જરૂરત અનુસાર તેને ત્વરિત વા મંદ નથી બનાવતો અને તેને અનિયમિત રીતે ચાલવા દે છે ત્યારે એ શક્તિઓ મનુષ્ય રૂપી કારખાનાને નષ્ટપ્રાયઃ કરી નાંખે છે અને એના ઝપાટામાં જે કોઇ આવી જાય છે તેને પણ મહાન હાનિ પહોંચાડે છે. એ રીતે મનુષ્યજાતિના પ્રબંધમાં ભારે ગરબડ મચી રહે છે અને સમસ્ત સંસારમાં અસંતોષ તથા અશાંતિ પ્રસરી રહે છે. —અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આપણી આંતર સ્થિતિ સમજીને સુધારવાની જરૂર.

આપણામાં અનંત જ્ઞાનાદિક અનંત સદ્દગુણો જે વડે છુપાએલા છે તે બધા અજ્ઞાન, અશ્રદ્ધા અને અનાચારાદિક દોષોના નામથી પ્રસિદ્ધ છે. અજ્ઞાન, અશ્રદ્ધા, અને અનાચારણ રૂપ દોષ માત્ર ત્યાજ્ય છે અને સમ્યગ જ્ઞાન શ્રદ્ધા અને ચારિત્રાદિક ગુણો ઉપાદેય-આદરવા યોગ્ય છે એટલું અતઃકરણમાં દ્રઢ-નિર્ણય કરી દઇને જે રીતે ઉક્ત દોષો દૂર થાય ને ગુણો પ્રકટ થાય તેવો ઉદ્યમ યા પુરૂષાર્થ પવિત્ર શાસ્ત્ર નીતિ મુજબ કરવો બહુ જરૂરનો છે. અજ્ઞાન અશ્રદ્ધાદિક દોષો અમારાથી દૂર જાઓ ! એમ ખાલી પોકારવા માત્રથી તે કદાપિ દૂર જવાના નથી તેમજ સમ્યગ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિક સદ્દગુણો અમારામાં આપો-પ્રગટો એમ કહેવા માત્રથી કંઈ તે પ્રગટાવાતા નથી. ઉક્ત મિથ્યા અજ્ઞાનાદિક દોષ માત્રને દળવા-દૂર કરવા અને નિર્મળ દર્શન જ્ઞાનાદિક પ્રગટ કરવા ભગવાન મહાવીર દેવની પેરે ધીરજ અને ખંતથી પૂર્વ મહાપુરૂષોએ જાતે આદરેલા અને બનાવેલા ઉત્તમ માર્ગે દ્રઢ પ્રયત્ન કરવાની આપણને ભારે જરૂર છે.

દશ દ્રષ્ટાન્તે દુર્લભ એવા માનવભવમાંજ એવો દ્રઢ પ્રયત્ન ભવ્ય મુમુક્ષુ જનો કરી શકે છે અને અનુક્રમે દોષ માત્રને હઠાવી અનંતા ગુણ રત્નોને પ્રગટ કરી અંતે અક્ષય સુખ સંપદાએ વરી શકે છે. શુદ્ધ અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મ સાવધાનપણે સેવવા વડે અનુક્રમે દોષ માત્રનો જય ( ક્ષય ) થતાંજ સહેજે સદ્દગુણોનો ભેટો થવા પામે છે. ઉકત કલ્યાણ સાધક ધર્મ સાધનમાં કેવળ પ્રમાદ-સ્વચ્છંદજ અંતરાય રૂપ થાય છે. તે બહુ રૂપી મોહના પ્રતિનિધિ રૂપ પ્રમાદથી નહીં છળાતાં જે ભવ્યાત્મા સાવધાનપણે પૂર્વોકત ધર્મનું ડહાપણથી સેવન કરવા ચુકતા નથી તેઓ દુઃખ માત્રનો અંત કરી અક્ષય અનંતસુખમાં જઇ વિશ્રામે છે.

લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ

## શરીર આરોગ્યભૂત મુખ્ય પાંચ હેતુ.

સંગ્રાહક સદ્ ગુ૦ કર્પૂરવિજયજી.

૧ સ્વચ્છ હવા પાણીનું સેવન, ૨ સૂર્યપ્રકાશવાળા સ્થાનમાં નિવસન, ૩ લઘુ પરિમિત સાત્વિક આહાર ગ્રહણ, ૪ શક્તિ અનુરૂપ શારીરિક અને માનસિક વ્યાપાર પરિશ્રમ, ૫ આવશ્યક શારીરિક અને માનસિક વિશ્રાન્તિ ( ખાસ ઉપયોગી છે. )

૧ ગમે તે પ્રકારની ગંદકી કે મલીનતા વગરની શુદ્ધ હવા શ્વાસોશ્વાસ મારફત શરીરમાં દાખલ થવાથી શરીર આરોગ્ય સચવાય છે અને વધે છે. પીવાનું પાણી પણ એવાજ પ્રકારનું શુદ્ધ-નિર્મળ થયેલું હોવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં ( sun bath ) લેવાથી શરીરમાંની જડતા આળસાદિક દૂર થઇ જઇ જાગૃતિ આવે છે અને અને આરોગ્ય વધે છે.

૩ જઠરાગ્નિ સુખે પચાવી શકે એવો સાદો–હલકો અને પ્રમાણોપેત સાત્વિક ખોરાક વખતસર લેવાથી તન મન વચનની અચ્છી શક્તિ બની રહે છે.

૪ શક્તિ પ્રમાણે તન મન વચનનો સદુપયોગ કરવાથી પાચનક્રિયા સારી થવા ઉપરાંત શારીરાદિક આરોગ્ય સચવાવા સાથે તેનો વિકાસ પણ થાય છે.

૫ આરોગ્ય રક્ષણ અને વૃદ્ધિ નિમિત્તે જરૂર પૂરતો પરિશ્રમ કર્યા પછી શરીરને અને મનને વિશ્રાન્તિ પણ પૂરતા પ્રમાણમાં આપવીજ જોઇએ. ઇતિશમ્.

# દશ શ્રાવક કુલક.

### આણંદાદિક દશ શ્રાવકોનો સંક્ષિપ્ત અધિકાર

વાણિજ્યગ્રામ નગરમાં આણંદ નામે ગૃહસ્થ હતા. શિવાનંદા તેને ભાર્યા ( સ્ત્રી ) હતી અને દશ દશ હજાર ગૌથી બનેલાં ૪ ગોકુલ હતાં. ભંડારમાં, વ્યાપારમાં અને વ્યાજવટંતરમાં થઇ એકંદર બાર ક્રોડ સોનૈયાની ઋદ્ધિ હતી. તે શ્રી વીર પરમાત્માનો અંતેવાસી શ્રાવક થયો. સમકિત મૂળ શ્રાવકનાં બાર વ્રત તેણે પ્રભુ પાસે ઉચ્ચર્યાં હતાં. ૧–૨

ચંપા નગરીમાં કામદેવ નામે સુશ્રાવક થયા. તેને ભદ્રા નામે ભાર્યા હતી. છ ગોકુલ અને અઢાર ક્રોડ સોનૈયાનો તે સ્વામી હતો. ૩

કાશી મધ્યે ચુલનીપિતા નામે પરમ શ્રાવક થયા. તેને શ્યામા નામે સ્ત્રી આઠ ગોકુલ અને ચોવીશ ક્રોડ સોનૈયાની ઋદ્ધિ હતી. ૪

વળી કાશીમાં સૂરદેવ નામે વ્રતધારી શ્રાવક થયા. તેને ધન્યા નામે સુંદરી અને અઢાર ક્રોડ સોનૈયાની ઋદ્ધિ હતી. ૫

આલભિકા નગરીમાં ચુલ્લશતક નામે શ્રાવક થયા તેને બહુલા નામે પ્રિયા સ્ત્રી હતી અને કામદેવ શ્રાવક જેટલી સમૃદ્ધિ હતી. ૬

કાંપિલ્યપુરમાં કુંડકોલિક નામે શ્રાવક થયા. તેને પુષ્પા નામની સ્ત્રી અને શ્રી કામદેવ સમાન સમૃદ્ધિ હતી. ૭

પોલા ( સંનિવેશ ) મધ્યે સદ્દાલપુત્ર નામે કુંભાર જાતિના શ્રાવક થયા તેને અગ્નિમિત્રા નામની ભાર્યા અને ત્રણ ક્રોડ સોના મહોરોની ઋદ્ધિ હતી. ૮

રાજગૃહીનગરીમાં શતક નામે શ્રાવક આઠ ગોકુલ અને ૨૪ ક્રોડ સોના મહોરોના સ્વામી થયા. તેને ૧૩ સ્ત્રીઓ હતી. તેમાં રેવતી આઠ ક્રોડ અને બાકીની એકેક ક્રોડ લાવી હતી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવસ્તી નગરીમાં નંદનીપ્રિય શ્રાવક થયા. તેને અશ્વિની નામે સ્ત્રી અને આણંદ શ્રાવક સમાન સમૃદ્ધિ હતી. ૧૦

સાવથ્થી ( શ્રાવસ્તી ) નગરીનો વાસી જે લાન્તક પ્રિય નામે પરમ શ્રાવક તેને ફાલ્ગુની નામે સ્ત્રી અને આણંદ શ્રાવક સમાન ઋદ્ધિ હતી. ૧૧

એ અગ્યારે ઉત્તમ શ્રાવકો, અગીયાર પડિમાના ધારક, સમ્યગ દ્રષ્ટિવંત સમકિતધારી દ્વાદશ વ્રતના ધારક અને વીર પરમાત્માના ચરણ ઉપાસક હતા.

સાર—અન્ય ભવ્યાત્માઓએ યથાશકિત તે સર્વ અનુકરણ કરવા તત્પર થવું જોઇએ. ઇતિશમ.

# પ્રકીર્ણ નોંધ.

ત્રણ વર્ષ પહેલાં મુંબઇના જૈન આગેવાનોની મળેલી મીટીંગે જૈન ધર્મના શ્વેતાંબર દીગંબર વચેના જે વાંધા ઝગડાઓ હોય અને હવે પછી પડે તેનો નિકાલ કોર્ટમાં જઇ નહીં કરાવતાં ઘરમેળે બંને પંથના પંચો નીમી લવાદીથી કરાવવો, આવો ઠરાવ કરેલો, જેને અમોએ અનુમોદન સાથે ધન્યવાદ આ માસિક દ્વારા આપેલો. તે બાબતમાં કેટલીક વ્યક્તિઓને તે વાત પસંદ નહીં પડવાથી કાંઇક અણગમો બતાવેલો. પરંતુ જમાનો શું કામ કરી રહ્યો છે, તે આગળ કેટલો વધતો જાય છે. તે નહીં સમજનારાઓને તેવી બાબતો ભલે તેમ લાગે, પરંતુ હાલમાં જ્યાં મહાન પુરૂષ મોહનદાસ કરમચંદ ગાંધી જે દેશ ઉપર અવર્ણનીય ઉપકાર કરી રહ્યા છે તેનાજ મુખથી તેની કલમથી દરેક ફરીયાદો આ દેશની પ્રજાએ લવાદીથી ઘર મેળેજ પતાવવી, પરંતુ કોર્ટમાં જવાની જરૂર નથી તેમ જણાવવા આવ્યું ત્યારે તેને અનુસરીને કહો કે બંગાળના આપણા સુપ્રસિદ્ધ જૈન શ્વેતાંબરીય આગેવાન બંધુઓએ જમાના અનુસરીને કહો પણ બુદ્ધિ પૂર્વક વિચાર કરીને પવિત્ર તીર્થ શ્રી સમેતશીખરજીનો ઝગડો જે હજી પણ ત્યાંની અપીલ કોર્ટમાં ચાલે છે તેનું ઘર મેળે લવાદીથી સમાધાન લાવવા માટે દીગંબર જૈન બંધુઓ લાલા જમ્બુપ્રસાદજી, દેવીસહાયજી, બળદેવદાસ હરનારાયણજી અને હરસુખદાસજીની સાથે ઉક્ત શ્વેતાંમ્બરી જૈન બંધુઓ બાબુ સાહેબ બહાદુરસિંહજી તેમજ બાબુ સાહેબ રાયકુમારસિંહ તેમજ બાબુ સાહેબ મોતીચંદજી વગેરે મળી પોસ શુદ ૧૧ ના રાત્રિના મળી એવા નિર્ણય ઉપર આવ્યા કે માઘ સુદી ૧૧–૧૨–૧૩ તા. ૧૯–૧૯–૨૦ ફેબ્રુઆરીના રોજ કલકત્તામાં બંને સંપ્રદાયની કોનફરન્સ મેળવવી, જેમાં શ્રી સમેત શીખરનુ તથા રાજગૃહીજીના તમામ ઝગડા કોર્ટમાંથી કાઢી નંખાવવા, તેમજ તે કોન્ફરન્સ ઉપર સલાહ માટે દરેક મોટા શહેરમાં ત્યાં પ્રતિનિધિઓને બોલાવવા પત્રિકા લખવામાં આવેલ છે. અમો તે વાંચી જાણી અમારો આનંદ જાહેર કરીયે છીયે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંને સંપ્રદાયના આગેવાનોને અનેક ધન્યવાદ આપીયે છીયે. ધર્મના ઝગડાઓ આપસ આપસમાં લવાદીથી પતાવવાથી બંને કોમ વચ્ચે થતો કુસંપ કલેશ બંધ થાય છે, ભાઇ ચારો વધે છે. લાખો રૂપીયાની બરબાદી થતી અટકે છે. તેથીજ તે પત્રિકામાં મહારાજ બહાદુરસિંહે બાબુ સાહેબે સર્વ જૈન ભાઇઓને સુચના કરી છે કે આવા ઝગડા આ સમયમાં આવી રીતે મટાડવાની જરૂર છે.

હાલમાં તે બાબતમાં સાંભળવામાં આવ્યું છે કે બીજા શહેરોનાં શ્રી સંઘ તરફથી તેની મુદત વધારવા ત્યાં તારો ગયાથી ચાર માસની કોન્ફરન્સ ભરવા માટે મુદત લંબાણી છે.

ઉપર બતાવેલ હકીકત બંને સંપ્રદાયોના સંબંધના છે. પરંતુ સાંભળવા પ્રમાણે કોઇ કોઇ સ્થળે એકજ સંપ્રદાયમાં ધાર્મિક બાબતમાં આપસ આપસમાં ઝગડાઓ ઉત્પન્ન થાય છે, તેનો પણ નિકાલ કોર્ટમાં નહીં જતાં ઘરમેળે લવાદીથી લાવવો યોગ્ય છે. અમારા શહેરમાં પણ મારવાડીના વંડાના નામથી ઓળખાતા ઉપાશ્રયની બાબતમાં જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન બંધુઓમાં આપસ આપસમાં સાર્વજનિક હકની બાબતમાં વાંધો પડતાં કોર્ટમાં ગયેલ છે. એક પાર્ટી કહે છે અમારી જ્ઞાતિનો છે, બીજી પાર્ટી કહે છે ( સાર્વજનિક ) જૈન સંઘનો છે. જૈન સમાજમાં આગેવાન ગણાવાને દાવો ધરાવનારા અને બીજાની પંચાત પોતે કરનારા આ શહેરના તે મુખ્ય આગેવાનોના ઉપર તે માટે સાર્વજનિક હક સંબંધમાં અત્રેની કોર્ટમાં દાવો થયેલ છે. અમો તેઓને નમ્ર વિનતિ કરીયે છીયે કે ઉક્ત બંગાલી આપણા જૈન બંધુઓની ઉપર જણાવેલ હકીકતથી દાખલો લઇ આ કેસનું ઘરમેળે સમાધાન લાવવા જરૂર છે. અને અમોને સંપૂર્ણ ભરૂસો છે કે અમારા આ આગેવાનો તે ઝગડાનો અંત જલદીથી લાવશે. જૈન સંઘ મજકૂર નગરથી શેઠ બલવીરચંદ્ર જૈન બી૦ એ૦નો છાપેલ એક પત્ર અમોને મળ્યો છે તેવીજ રીતે તેમણે પણ જૈન વસ્તીવાળા મોટા શહેરમાં પણ મોકલેલ છે, જેમાં હસ્તીનાપુરમાં કાર્તકીના મેળા ઉપર થયેલ ઠરાવની હકીકત જણાવી છે, જેમાં પણ ઉપર પ્રમાણે બંને સંપ્રદાયના ધાર્મિક ઝગડાનો અંત લવાદીથી આણવા સુચવ્યું છે. પાંચ પાંચ ગૃહસ્થો દરેક સંપ્રદાયના અને સર પંચ તરીકે મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીનું નામ સુચવે છે, જે કાર્ય માટે અમો તેમને ધન્યવાદ આપીયે છીયે.

# ગ્રંથાવલોકન.

**શ્રી મંત્રરાજ ગુણકલ્પ મહોદધિ–શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્ર વ્યાખ્યા.—** ઉપરોક્ત નામનો ગ્રંથ તેના ભાષાંતરકાર શ્રી ડુંગર કોલેજ ( બીકાનેર ) ના સંસ્કૃત અધ્યાપક જયદયાળ શર્મા તરફથી અમોને ભેટ મળેલો છે. આ ગ્રંથને શ્રી જિનકીર્તિસૂરિજીકૃત શ્રી પંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમેષ્ઠિ નમસ્કારમંત્રસ્તોત્રની વિસ્તારથી વ્યાખ્યા કરી તે સાથે શ્રી નવકારમંત્ર સંબંધી આવસ્યક વિવિધ ઉપયોગ વિષયોથી અલંકૃત કરી સુંદર બનાવ્યો છે. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રણીત યોગશાસ્ત્રમાંથી નવકલ્પ મંત્રનો ઉપયોગી ધ્યાનનો વિષય પણ બહુજ જાણવા યોગ્ય બાબતો સાથે આમાં દાખલ કરવામાં આવેલ છે. સકળ મંત્રના મુગટમણિ સમાન અપૂર્વ ચમત્કારીક જે મહામંત્ર નવકારમંત્ર શાસ્ત્રકાર મહારાજ કહે છે તે ખરેખર છે, કે જે દરેક સિદ્ધિને આપનાર તેમજ તેની જુદી જુદી વિધિ વિધાન અને મંત્રાક્ષર તેમજ પ્રણવબીજથી જુદા જુદા મંત્રો બનીતે સુખશાંતિ રોગ દુઃખની શાંતિના કરનાર થાય છે અને છેવટ મોક્ષરૂપી લક્ષ્મીને આપનાર જે થાય છે તે આ ગ્રંથમાં આ અને બીજી અનેક જાણવાજોગ બાબતો સાથે બતાવેલ હોઇને ખરેખર પઠન પાઠનમાં ઉપયોગી અને ખાસ નિરંતર અભ્યાસ કરવા લાયક છે. આવી ગ્રંથસમૃદ્ધિ જૈનશાસ્ત્રમાં જોઇ અમોને અત્યંત આલ્હાદ થાય છે. ગ્રંથની ભાષા મૂળ સંસ્કૃત સાથે ભાષાંતર હીંદિમાં છે છતાં તે જૈનસમાજને ખાસ વાંચવાની વિચારવાની અને તેમાંથી દરેક વિષય ગ્રહણ કરવાની ભલામણ કરીએ છીયે. કિંમત રૂ. ૩–૮–૦ ઉપરના શરનામે મળશે.

—ધી જૈન સેનેટરી એસોસીએશન સં. ૧૯૭૫–૭૬ ની સાલનો પ્રથમ રિપોર્ટ અમોને અવલોકનાર્થે મળ્યો છે. મુંબઇ શહેરની વધતી જતી વસ્તી તેમજ હવાપાણીના પ્રતિકુલ સંયોગને વચ્ચે મનુષ્યોની સારા ઉજાસ, ખુલ્લીહવા, અને ખુલ્લા મકાનો વગેરેના અભાવથી તનદુરસ્તી બગડતાં મનુષ્યો મોટી સંખ્યામાં મરણ શરણ થાય છે જેમાં આપણા જૈનસમુદાયના મરણનો આંકડો દરવર્ષે ચોંકાવનારો ( ગણત્રીમાં વધારે ) આવતો હોવાથી તેમજ વ્યાધિ થતા અટકે અને થાય તો મટે તેવા હેતુથી ઉપરોક્ત સંસ્થા સ્થાપન થયેલી છે તેનો હેતુ અને ઉદ્દેશ તેને યોગ્ય હોવાથી અને તેનો પ્રથમ પ્રયત્ન તરીકે સસ્તા ભાડાની ચાલી થઇ કેટલાક સામાન્ય જૈન કુટુંબોને સસ્તા ભાડાથી રહેવાનું સાધન સાથે હવા પ્રકાશની સગવડ પણ સચવાય તેવી દાદરમાં ગોઠવણ કરી જૈનોનો આશીર્વાદ ખરેખર આ સંસ્થાએ લીધેલ છે હજુ પણ તે પ્રયત્ન ચાલુ છે જૈન બંધુઓની આર્થિક બહોળી સહાય વગર મુંબઇ વસ્તા સામાન્ય સ્થિતિના જૈન બંધુઓ તમામની તેવી સગવડ તનદુરસ્તી સચવાય શકે નહીં માટે ખરેખર આ કાર્ય પ્રશંસા પાત્ર હોઈ મદદ કરવા લાયક છે.

આ સંસ્થાના ઉદ્દેશમાં રોગ આવે ત્યારે દવા કરવાને બદલે રોગ આવતો અટકે તે ઉપાયો વધારે બંધ બેસતા છે કે જે જે માટે ભાષણો હેન્ડબીલો બુકો દ્વારા લોકોને તનદુરસ્તી સાચવવા ( રોગ આવતા અટકાવવાનું ) જ્ઞાન આપવું તે વધારે શ્રેયસ્કર હોઈ આ સંસ્થા તરફથી ક્ષયરોગથી જૈન સમાજ કેમ બચે તેવા મથાળાના ચીત્રો અને ટુંક હકીકત સાથેના સુચના પત્રો પ્રસિદ્ધ કરવામાં આવેલા છે આવા સુચના પત્રો ઘેર ઘેર વહેંચાવા જોઇએ તેને માટે ભાષણો થવા જોઇએ અને પેપરો દ્વારા વારંવાર વહેંચાવા જોઇએ, તેમ કરવા અમો ઉપરોક્ત સંસ્થાને સુચના કરીયે છીયે છતાં ઉપરોક્ત સુચના પત્રમા ક્ષયરોગ લાવવાના કારણો તેથી બચવાના સાધનોનો ઉપયોગ વગેરે હકીકત ચિત્રો આપી ટુંકમાં સારી રીતે સમજાવેલ છે જે પ્રયાસ આ સસ્થાનો પ્રશંસનિય છે, અમો તેના કાર્યવાહકો ને તે પ્રયત્નો માટે ધન્યવાદ આપીયે છીયે અને તેઓ આ કાર્યોમાં આગળ વધી આર્શીવાદ મેળવો એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત
# શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમા સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી
ક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ?
ાધવાની મુસ્કેલી જણાતા તેવા જીવોને ઉપકાર કરવા નિમિતેજ આ અધ્યાત્મિક ગ્રંથની
મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી
પરિક્ષા કરીને ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની
ાતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ
માં મોક્ષના કારણ એવા ભાવ અધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન. દર્શન.અને
ત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક
વ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય
ાના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે! ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે
નામ અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને
ભાવઅધ્યાત્મજ મોક્ષનું કારણ;છે, છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન ગ્રંથકર્તાએ અસર
ક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીક ને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન
ા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

માત્ર થોડીજ નકલો સીલીકે છે.

# “ શ્રી દેવ ભકિત માળા પ્રકરણ ગ્રંથ. ”

જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભકિતનો સમાવેશ કરવામાં આવેલ છે.)

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભક્તિનું સ્વરૂપ. ૧ પૂજા ભકિતનો પ્રભાવ,
આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સરંક્ષણ ભકિત ૪ મહોત્સવ ભકિત, ૫ તીર્થ યાત્રા ભકિત
પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણો અને શાસ્ત્રીય દ્રષ્ટાંતો આપી શંકા સમા-
ન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં આલેખવામાં આવ્યું છે. આ ગ્રંથના લેખક
ન્યાસજી શ્રીદેવવિજયજી મહારાજ છે, ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભકિત
વા માટે એક ઉત્તમ સાધન અને આલંબન રૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે
વા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ
લામણ કરીયે છીયે. ઉંચા ઇંગ્લીશ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી પ્રકટ
વામાં આવ્યો છે. બ્રાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભીત કરવામાં આવેલ
પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ ૧–૪–૦ સવા
પોસ્ટેજ જુદુ માત્ર જુજ કોપી બાકી છે જોઇએ તેમણે આ સભાને શીરનામે
ખી મંગાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સમયમાં કેવા માણસોની જરૂર છે?

"આ સમયમાં એવા માણસોની જરૂર છે કે જેઓ જગતની નિંદા વા સ્તુતિની કાંઇ પણ દરકાર રાખ્યા વિના કામ કરવાની અને ધૈર્ય રાખવાની હિંમત અને શકિત ધરાવતા હોય. એકાદ બેન્ક્રોફ્ટ કે જે યુનાઇટેડ સ્ટેટ્સનાં ઇતિહાસ" પર વીશ વર્ષ ગાળી શકે એવા માણસની આ સમયમાં જરૂર છે. એકાદ નોહ વેબ્સ્ટર કે જે શબ્દકોષ પર છત્રીશ વર્ષો ગાળી શકે એવાની જગતને જરૂર છે. એકાદ ગિબન કે જે "રોમન સામ્રાજયનું અધઃપતન અને પડતી" પર વીશ વર્ષ પર્યંત પરિશ્રમ કરી શકે તેવાની આજે આવશ્યકતા એકાદ ફેરેગટ કે એકાદ વૉન મૉટ કે જેઓએ પોતાની પ્રથમ મહાન તકને માટે અરધી સદી સુધી કામ કરવાનો અને ધૈર્ય ધરવાનો આગ્રહ ધરાવ્યો હોય તેવાની આજે જરૂર છે. એકાદ ગાર્ફીલ્ડ કે જે પોતાના વિદ્યાલયમાં એક પ્રતિસ્પર્ધી વિદ્યાર્થી કરતાં પંદર મિનિટ મોડે સુધી પોતાની બત્તી બાળી શકે તેવાની હમણાં આવશ્યકતા છે, એકાદ ગ્રાંટ કે જે સર્વત્ર પોતાના સેનાપતિ બંધુઓ અને રાજદ્વારીઓની નિંદાનો વર્ષાદ વર્ષતો હોય છતાં પણ બહાદુરીથી મૌન ધારણ કરી યુદ્ધો લડયે જાય તેવાની હાલમાં જરૂર છે. એકાદ ફીલ્ડ કે જે આખું જગત તેને મૂર્ખ ગણતું હોવા છતાં પણ અવિશ્રાંત પરિશ્રમથી તાર નાંખવામાં વર્ષોના વર્ષો અને પુષ્કળ નાણું ખર્ચી નાખે તેવાની આજે જરૂર છે. એકાદ માઇકલ એન્જેલો કે જે રખેને પોતાની પીછીને લોભનું કલંક લાગે, એવા ભયથી કાંઇપણ પૈસા લીધા વિના પોતાનાં અનુપમેય "સૃષ્ટિ" અને "અંતિમ નિર્ણય" નાં ચિત્રોદ્વારા સિસાઇન ચૅપલને શણગારવા માટે સાત વર્ષ જેટલા લાંબા વખત સુધી કામ કરે તેવાની આજે જગતને આવશ્યકતા છે. એકાદ ટિટીયન કે જે પોતાના "અંતિમ વાળુ" નામના ચિત્રપર સાત વર્ષ પર્યંત કામ કરી શકે તેવાની હાલમાં જરૂર છે. એકાદ સ્ટીવન્સન કે જે આગગાડી ચલાવનાર યંત્રપર પંદર વર્ષ પર્યંત કામ કરી શકે તેનીં હમણાં જરૂર છે. એકાદ થર્લોવીડ કે જે ફ્રેંચ રાજ્યક્રાંતિનો ઇતિહાસ લેવાને જોડાને બદલે પોતાના પગપર ચીંથરા વીંટીને બરફ પર બાર માઇલ સુધી ચાલ્યો જાય અને તેને સગડીના પ્રકાશ આગળ આતુરતા પૂર્વક વાંચે; એકાદ મિલ્ટન કે જે અંધ અવસ્થામાં 'પેરેડાઇઝ લૉસ્ટ'ની રચના કરે અને પછી તેને માત્ર નામનીજ કિંમતે વેચી દે; એકાદ થેકરે કે જે પોતાતો 'વૅનિટિફેર' નામનો ગ્રંથ એક ડઝન પ્રકાશકોની પાસેથી પાછો ફર્યા પછી પણ આનંદ પૂર્વક કામ કરે. એકાદ બાલ્ઝાક કે જે એક નિર્જન કાતરિયામાં ઉદ્યોગ કરીને ધૈર્ય ધારણ કરે અને ગરીબાઇ રૂણ, તથા ભુખની પીડાથી પણ નિરાશ તથા ભયભીત થાય નહિં; એવા માણસોની જગતને જરૂર છે. જે માણસો કામ કરી શકે અને ધૈર્ય ધરી શકે તેમની જ આ જમાનામાં આવશ્યકતા છે."

**"ભાગ્યના સૃષ્ટાઓ" માંથી.**

For Private And Personal Use Only